અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ એપ્રિલ ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૫ | અંક : ૨૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


# કોંગ્રેસમાં નવાબો, બાદશાહો અને સુલતાનો વિરુદ્ધ બોલવાની હિંમત નથી : વડાપ્રધાન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પાર્ટીની જીત સુનિશ્ચિત કરવા માટે જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે : કર્ણાટકમાં પીએમ મોદી બેલાગવી પહોંચ્યા હતા

। બેલાગવી, તા.૨૮ ।

લોકસભાની આ વખતની ચૂંટણીમાં ૪૦૦ બેઠક પ્રાપ્ત કરવાના મિશન સાથે લોકસભાની ચૂંટણીમાં ઉતરેલી ભાજપ, ત્રીજી વખત સત્તા કબજે કરવા માટે પૂરેપૂરો પ્રયાસ કરી રહી છે. પાર્ટીના તમામ મોટા નેતાઓ આજકાલના દિવસોમાં જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. આ વખતે ભારતીય જનતા પાર્ટીએ દક્ષિણના રાજ્યો પર ઘણું વધારે ફોકસ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પાર્ટીની જીત સુનિશ્ચિત કરવા માટે જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. રવિવારે પીએમ નરેન્દ્ર મોદી ૨ દિવસના પ્રવાસે કર્ણાટક પહોંચ્યા હતા.



કર્ણાટકમાં પીએમ મોદી સૌથી પહેલા બેલાગવી પહોંચ્યા હતા, જ્યાં તેમણે એક સભાને સંબોધી હતી. આ દરમિયાન હંમેશાની જેમ પીએમ કોંગ્રેસને લઈને ખૂબ જ આક્રમક દેખાતા હતા. પોતાના સંબોધનમાં પીએમએ કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા હતા.

પીએમએ કર્ણાટક રાજ્યની કોંગ્રેસ સરકાર પર તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકાર માત્ર તુષ્ટિકરણને પ્રાથમિકતા આપે છે, તેમના માટે નેહા જેવી દીકરીઓના જીવનની કોઈ કિંમત નથી. કોંગ્રેસને માત્ર પોતાની વોટ બેંકની ચિંતા છે. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસે બેંગલુરુ કેફેમાં થયેલા બોમ્બ બ્લાસ્ટને ગંભીરતાથી લીધો નથી.

પીએમ મોદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું. પીએમએ કહ્યું કે કોંગ્રેસના રાજકુમારને આપણા રાજાઓ અને સમ્રાટોના યોગદાન યાદ નથી. તેમણે કહ્યું કે આ લોકો વોટ બેંકની રાજનીતિ માટે રાજાઓ અને બાદશાહો વિરુદ્ધ બોલે છે પરંતુ નવાબો, બાદશાહો અને સુલતાનો વિરુદ્ધ એક શબ્દ પણ બોલવાની તેમની હિંમત નથી. રાજકુમાર કહે છે કે, ભારતના રાજા મહારાજા ગરીબોની જમીન છીનવી લેતા હતા. કોંગ્રેસને ઔરંગઝેબના અત્યાચારો યાદ નથી. જેણે આપણા સેંકડો મંદિરોને તોડ્યા અને અપવિત્ર કર્યા. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે વોટ માટે હૈં નો ઉપયોગ કર્યો છે, જે આતંકવાદને આશ્રય આપનાર દેશ વિરોધી સંગઠન છે, જેના પર મોદી સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે. કોંગ્રેસ તે સંગઠનનો બચાવ કરી રહી છે જેથી તે વાયનાડ બેઠક જીતી શકે. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ હૈં આતંકવાદી સંગઠનને માત્ર એક સીટ માટે બચાવી રહી છે. પીએમે કહ્યું કે કોંગ્રેસ ઈવીએમના બહાને દેશને બદનામ કરવાનું કાવતરું કરી રહી છે. કોર્ટે આ તમામને જોરદાર ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસે લોકતંત્રને ખતમ કરવાનું કામ કર્યું છે. કોંગ્રેસના લોકો માનસિક રીતે અંગ્રેજીની ગુલામીમાં જીવી રહ્યા છે. કોંગ્રેસ દેશના હિતથી અત્યાર સુધી દૂર થઈ ગઈ છે અને પરિવારના હિતમાં ફસાઈ ગઈ છે. આ સાથે પીએમ મોદીએ તેમની સરકારના જોરદાર વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે કર્ણાટકમાં જ્યાં પણ ગયા ત્યાં એક જ અવાજ સંભળાયો, ફરી એકવાર મોદી સરકાર. વડાપ્રધાને કહ્યું કે ભારત છેલ્લા ૧૦ વર્ષમાં શક્તિશાળી બન્યું છે. ભારત લોકશાહીની માતા તરીકે ઓળખાવા લાગ્યું છે. ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જ્યારે દેશ પ્રગતિ કરે છે ત્યારે દરેક ભારતીય ખુશ થાય છે. ભાજપના નેતા પરશોત્તમ રુપાલાએ ક્ષત્રિય સમાજ માટે કરેલી કથિત ટિપ્પણીથી વિવાદ હજુ શમ્યો નથી ત્યાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓ વિશે ટિપ્પણી કરતા વિવાદ થયો છે. ભાજપના અમિત માલવિયાએ રાહુલ ગાંધીના રાજપૂત સમાજ વિશે કરેલા નિવેદનનો વીડિયો શેર કર્યો છે. તેમણે કર્ણાટકના બેલ્લારીમાં રાહુલ ગાંધીના ભાષણની ૨૪ સેકન્ડની વીડિયો ક્લિપ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરી છે. માલવિયાએ રાહુલ ગાંધીને રાજપૂત સમાજની તાત્કાલિક માફી માંગવાની માંગ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દે કહ્યું કે તેઓ (કોંગ્રેસ) રાજાઓ અને મહારાજાઓ વિશે વાત કરે છે. પરંતુ તેમનામાં નવાબ અને સુલતાન વિશે વાત કરવાની હિંમત નથી. આ વીડિયોમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી એક રેલીને સંબોધતા કહી રહ્યા છે કે, “ભારતમાં રાજાઓ- મહારાજાઓનું શાસન હતું, તેઓ જે ઈચ્છે તે કરતા હતા, તેમને કોઈની જમીન જોઈતી હતી, તેઓ તેને છીનવી લેતા હતા. કોંગ્રેસ પાર્ટી અને અમારા કાર્યકર્તાઓએ દેશની જનતા સાથે મળીને આઝાદી મેળવી, લોકતંત્ર લઈને આવ્યા અને દેશ માટે બંધારણ મેળવ્યું. “

### ન્યૂઝ બ્રિફ

## મહાદેવ સટ્ટાબાજી એપ કેસમાં એક્ટર સાહિલ ખાનની ધરપકડ

। મુંબઈ, તા.૨૮ ।

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની SITએ મહાદેવ સટ્ટાબાજી એપ કેસમાં એક્ટર સાહિલ ખાનની ધરપકડ કરી છે. તેની છત્તીસગઢથી ધરપકડ કરવામાં આવી છે અને તેને મુંબઈ લાવવામાં આવી રહ્યો છે. બોમ્બે હાઈકોર્ટ દ્વારા ધરપકડ પહેલા આગોતરા જામીન માટેની તેની અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ, મુંબઈ સાયબર સેલની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા છત્તીસગઢમાં તેની ધરપકડ કરવામાં આવી છે. SITએ હાલમાં જ આ મામલે ખાનની પૂછપરછ કરી હતી. SIT વિવાદાસ્પદ મહાદેવ સટ્ટાબાજી એપ્લિકેશનના પ્રમોટરો અને રાજ્યની કેટલીક નાણાકીય અને રિયલ એસ્ટેટ કંપનીઓ વચ્ચેના કથિત ગેરકાયદેસર વ્યવહારોની તપાસ કરી રહી છે. પોલીસ દ્વારા આ કેસમાં નોંધવામાં આવેલી એફઆઈઆર અનુસાર આ કૌભાંડ લગભગ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું છે. પોલીસે કહ્યું કે ખાન અને અન્ય ૩૧ વ્યક્તિઓ વિરુદ્ધ તપાસ ચાલી રહી છે, જેના હેઠળ તેમના બેંક એકાઉન્ટ, મોબાઈલ ફોન, લેપટોપ અને અન્ય ટેક્નિકલ ડિવાઈસની તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીએ કહ્યું કે આ કેસમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

### અશ્લિલ વીડિયો બદલ તપાસ થવાની હતી

# દેવ ગૌડાનો પૌત્ર પ્રજ્વલ રેવન્ના ભારત છોડીને ફરાર

### વરિષ્ઠ નેતા દેવ ગૌડાના પૌત્રનો એક કથિત અશ્લિલ વીડિયો વાઈરલ થયા પછી તેની સામે ગંભીર આરોપો

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૮ ।

ભૂતપૂર્વ વડાપ્રધાન દેવ ગૌડાનો પૌત્ર અને જનતાદળ (સેક્યુલર)નો સાંસદ પ્રજ્વલ રેવન્ના દેશ છોડીને ભાગી ગયો હોવાનું બહાર આવ્યું છે. પ્રજ્વલ રેવન્નાનો એક કથિત અશ્લિલ વીડિયો વાઈરલ થયો હતો. ત્યાર પછી તેની સામે તપાસ થઈ રહી હતી. દેવ ગૌડાના પૌત્ર સામે તપાસ કરવા માટે એક જીૈંની રચના કરવામાં આવી હતી જે દરમિયાન તે દેશ છોડીને ફરાર થઈ ગયો છે. પ્રજ્વલ રેવન્નાનો અશ્લિલ વીડિયો વાઈરલ થયા પછી આ અંગે તપાસ કરવા મહિલા પંચ દ્વારા માગણી કરવામાં આવી હતી. ત્યાર બાદ કર્ણાટકની સિદ્ધારમૈયા સરકારે તપાસનો આદેશ આપ્યો હતો અને સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને તપાસ માટે બેસાડી હતી. આ દરમિયાન તપાસથી બચવા માટે પ્રજ્વલ રેવન્ના સીધો જર્મની ભાગી ગયો છે. લોકસભાની ચૂંટણી દરમિયાન કર્ણાટકમાં રાજકારણમાં ગરમી આવી ગઈ છે. આ મામલે જનતાદળ (સેક્યુલર)



એ પાર્ટીના હેડક્વાર્ટર ખાતે એક ઈમરજન્સી પ્રેસ મિટિંગ પણ બોલાવી છે. આ મામલે જનતાદળ (એસ) અને ભાજપ બંને દ્વારા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. આ ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે નવીન ગૌડા અને બીજી કેટલાક લોકોએ રેવન્નાને બદનામ કરવા માટે આ વીડિયો પ્રસારિત કર્યો હતો. તેમાં જણાવાયું છે કે નવીન ગૌડા અને બીજાએ વીડિયોની તસવીરોમાં ચેડા કર્યા હતા અને પ્રજ્વલને બદનામ કરવા માટે આખું કાવતરું ઘડ્યું હતું. તેમણે હસન લોકસભા વિસ્તારમાં પેન ડ્રાઈવ, સીડી અને વોટ્સએપ દ્વારા મતદારોમાં આ વીડિયો પ્રસારિત કર્યો અને તેઓ હવે પ્રજ્વલને વોટ ન આપવા માટે લોકોને જણાવી રહ્યા છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું કે હસન જિલ્લામાં અશ્લીલ વીડિયો ક્લિપ પ્રસારિત થઈ છે. તેમાં એવું લાગે છે કે મહિલાઓ સાથે શારિરીક અત્યાચાર થઈ રહ્યો છે. આના કારણે મહિલા પંચના અધ્યક્ષે એસઆઈટી મારફત આ ઘટનાની તપાસ કરાવવા માટે પત્ર લખ્યો હતો. તેમના આગ્રહ પછી સરકારે નિર્ણય લીધો છે. ૨૬ એપ્રિલે કર્ણાટકમાં લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું હતું તેનાથી માત્ર બે દિવસ અગાઉ જ સોશિયલ મીડિયા પર આ વીડિયો વાઈરલ થયો હતો. નવીન દેવ ગૌડા અને બીજા કેટલાક લોકો રેવન્નાને બદનામ કરવાની કોશિશ કરતા હોવાનો આરોપ મૂકાયો છે.

### હવે રેલવેમાં હાફ ટિકિટ પર નહીં મળે આ લાભ

## મુસાફરી ટિકિટ પર વૈકલ્પિક વીમાના નિયમોમાં ફેરફાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતીય રેલવેએ મુસાફરી ટિકિટ પર વૈકલ્પિક વીમાના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે જો કોઈ વ્યક્તિ તેના બાળકની ટ્રેનની મુસાફરી દરમિયાન અડધી ટિકિટ ખરીદે છે, તો તેને વૈકલ્પિક વીમા યોજનાનો લાભ નહીં મળે. IRCTC અનુસાર, સંપૂર્ણ ભાડું ચૂકવીને સીટ બુક કરાવ્યા પછી જ વીમાનો લાભ મળશે. ઉપરાંત, IRCTCએ ૧ એપ્રિલથી રેલ પેસેન્જર ઓપ્શનલ ઈન્સ્યોરન્સનું પ્રતિ પેસેન્જર પ્રીમિયમ વધારીને ૪૫ પૈસા કર્યું છે. જે પહેલા તે ૩૫ પૈસા હતુ. IRCTCના જણાવ્યા મુજબ રેલ પેસેન્જર ઓપ્શનલ ઈન્સ્યોરન્સ સ્કીમનો લાભ ફક્ત ઈ-ટિકિટ બુક કરાવનારા મુસાફરોને જ મળશે. એટલે કે, રેલવે ટિકિટ કાઉન્ટર, ખાનગી રેલ બુકિંગ કાઉન્ટર અથવા બ્રોકર્સ પાસેથી ખરીદેલી ટિકિટ પર વીમા યોજનાનો લાભ નહીં મળે.

### સિંચાઈ-પીવા માટે પાણીની સમસ્યા

## દ.ભારતમાં પણ જળસંકટની સ્થિતિ, જળાશયોમાં ફક્ત ૧૭% જ પાણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ઉનાળાનો પ્રારંભ થવાની સાથે દક્ષિણ ભારતમાં ગંભીર જળસંકટનો સામનો કરી રહ્યું છે. આ ક્ષેત્રમાં જળભંડારણની ક્ષમતા લગભગ ૧૭ ટકા છે. કેન્દ્રીય જળ પંચેજણાવ્યું હતું કે દક્ષિણમાં ૪૨ જળાશયમાં કુલ સંગ્રહ ક્ષમતા ૫૩.૩૩૪ બીસીએમ (અબજ ઘનમીટર) છે, પણ નવા અહેવાલ હેઠળ આ વખતે જળાશયોમાં ઉપલબ્ધ કુલ પાણી ૮.૮૬૫ બીસીએમ છે, જે તેની કુલ ક્ષમતાના ૧૭ ટકા છે.

આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ઉપલબ્ધ જળભંડારના ૨૯ ટકા અને છેલ્લા દસ વર્ષના આ સમયગાળામાં ઉપલબ્ધ જળ ભંડારની સરેરાશના ૨૩ ટકા છે. આમ ભારતના દક્ષિણી વિસ્તારમાં જળાશયોના જળભંડારનું આટલું નીચું સ્તર આ રાજ્યોમાં પાણીની વધતી કમી અને સિંચાઈ, પીવાના પાણી તથા જળવિદ્યુત મથકો માટે પડકારના સંકેત છે.દક્ષિણી ક્ષેત્રમાં ઓડિશા, તેલંગણા, આંધ્ર, તમિલનાડુ આવે છે.

### અખિલેશ યાદવે મોદી સરકાર પર તાક્યું નિશાન

## ભાજપ સરકારે યુવાઓની આશા પર પાણી ફેરવ્યું

### બે તબક્કામાં જ ભાજપને હવે હાર દેખાવા લાગી છે, લોકો ભાજપને સ્વીકારી રહ્યા નથી : અખિલેશ યાદવ

। (એજન્સી) લખનૌ, તા.૨૮ ।

ઉત્તરપ્રદેશમાં પણ લોકસભા ચૂંટણીને લઈને રંગ જામ્યો છે. તમામ રાજકીય પક્ષો દ્વારા જોરદાર પ્રચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ પણ ચૂંટણી મેદાને પ્રચાર કરવા ઉતરી આવ્યા હતા. ઉત્તરપ્રદેશના પ્રાચીન શહેર સંભલમાં એક રેલીને સંબોધતા અખિલેશ યાદવે ભાજપ પર સીધા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે બે તબક્કામાં જ ભાજપને હવે હાર દેખાવા લાગી છે. લોકો ભાજપને સ્વીકારી રહ્યા નથી.

તેમણે કહ્યું કે મોદી સરકારે યુવાઓની આશાઓ પર પાણી ફેરવી નાખ્યું છે. મોટાપાયે બેરોજગારી ફેલાવી દીધી છે. યુવાઓ નિરાશ થઈ ગયા છે. ભાજપ બંધારણ બદલવા નીકળ્યો છે. એ જાણી લે કે તેમની સરકાર જ બદલાઈ જવાની છે. અખિલેશ યાદવે કહ્યું કે આ ચૂંટણી શ્રદ્ધાંજલિની ચૂંટણી છે. અખિલેશ યાદવે ચૂંટણી બોન્ડનો મુદ્દો પણ ઊઠાવતાં ભાજપ સામે નિશાન તાક્યું. કોરોના વેક્સિન ન લીધા હોવાનો પણ દાવો કર્યો. લોકો હવે ભાજપને સ્વીકારી રહ્યા નથી.

અખિલશે યાદવે કહ્યું કે હજુ તો ફક્ત બે તબક્કાનું મતદાન થયું છે ત્યાં ભાજપવાળા હવે ૪૦૦ પારનો નારો ભૂલી ગયા છે. ઉલ્લેખનીય છે કે મોદી સરકારે આ વખતે અબ કી બાર ૪૦૦ પાર બેઠકનો નારો આપ્યો હતો. અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ વાળા હવે સમજી ગયા છે કે પ્રજા તેમને ૪૦૦ પાર કરાવવા નહીં પણ ૪૦૦થી વધુ બેઠકો પર હરાવવા જઈ રહ્યા છે.

અખિલેશ યાદવે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર સામે નિશાન તાકતાં કહ્યું કે મોંઘવારી એવા સ્તરે પહોંચાડી દીધી છે કે હવે ખેડૂતોની હાલત દયનીય થઈ ગઈ છે.

વીજળી મોંઘી, ખાતર મોંઘું દરેક વસ્તુ મોંઘી થઈ ગઈ છે. ખેડૂતોનું દેવું વધતું જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે આ વખતે ખેડૂતો તેમને વોટ નહીં આપી એ મેં જોઈ લીધું છે. આ લોકોએ ખેડૂતોને દેખાવો પણ ન કરવા દીધા અને રોડ પર ખિલ્લા લગાવી દીધા, આરસીસીની દીવાલો લગાવી અવરોધો ઊભા કરી દીધા. એક હજારથી વધુ ખેડૂતો શહીદ થઈ ગયા અને આખરે સરકારે તેમની સામે નમવું પડ્યું અને ત્રણેય કાળા કાયદા પાછા ખેંચવા પડ્યા. અમે હવે ખેડૂતોને એમએસપીનો અધિકાર અપાવીશું. તેમનું દેવું માફ કરાવીશું.




# અમદાવાદ એપીએમ સીમાં ફળોના ભાવમાં ઘટાડો થયો

। (એજન્સી)અમદાવાદ, તા.૨૮ ।

સામાન્ય રીતે ઉનાળાની સિઝનમાં શાકભાજી, ફળફળાદિ અને ફૂલોની આવકમાં ઘટાડો થતો હોય છે. ત્યારે અમદાવાદ એપીએમસી માર્કેટમાં આવેલા ફ્રૂટ બજારમાં આજે મોટાભાગના ફળોની આવકમાં વધારો થતા તેના ભાવમાં ઘટાડો નોંધાયો છે. હાલ ફળોના ભાવમાં સરેરાશ ૫ થી ૨૫ ટકાનો ઘટાડો થયો છે. સામાન્ય રીતે ઉપવાસમાં અને હેલ્થ સારી રાખવા ફળોમાં દ્રાક્ષ, સંતરા, કેરી, પાઈનેપલ, દાડમ, ચીકુ, તડબૂચ, શેરડી, શક્કરટેટી, કેળા વગેરેના ભાવમાં ઘટાડો થયો છે. જો કે, કાળઝાળ ગરમીને લીધે ફળોને વધુ સમય સુધી સાચવી રાખી શકતા નથી. અને વેપારીઓએ ખેડૂતો પાસેથી જે માલ ખરીદ્યો હોય તેનું તે દિવસે જ વેચાણ કરી દેવું પડે છે. એટલે કે ફળોની માંગ કરતા આવક વધી જતા વેપારીઓએ ફળોના ભાવમાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. અમદાવાદ ફ્રુટ બજારમાં આજના ફળોના ભાવ પ્રતિ કિલો દીઠ વાત કરીએ તો સફરજન ૧૬૫ રૂપિયા, એવોકાડો ૨૨૦ રૂપિયા, કાળી દ્રાક્ષ ૮૦ રૂપિયા, આમળા ૧૨૫ રૂપિયા, લીલી દ્રાક્ષ ૮૫ રૂપિયા, ફણસ ૯૫ રૂપિયા, પાકી કેરી ૧૦૮ રૂપિયા, મોસંબી ૬૦ રૂપિયા, સંતરા ૪૫ રૂપિયા, પપૈયા ૩૩ રૂપિયા, નાસપતી ૯૫ રૂપિયા, પાઈનેપલ ૪૫ રૂપિયા, દાડમ ૧૧૫ રૂપિયા જેટલો ભાવ નોંધાયો છે. જ્યારે ચીકુ ૪૫ રૂપિયા, તડબૂચ ૧૬ રૂપિયા, પાકા કેળા ૪૬ રૂપિયા, શેરડી ૨૧ રૂપિયા, લિચી ૨૫૦ રૂપિયા, જરદાળુ ૧૮૦ રૂપિયા, સીતાફળ ૬૦ રૂપિયા, કાચી કેરી ૧૧૨ રૂપિયા, શક્કરટેટી ૨૬ રૂપિયા, જામફળ ૫૦ રૂપિયા, પીચ ૨૩૦ રૂપિયા અને કાચા કેળા ૬૦ રૂપિયા જેટલો ભાવ નોંધાયો છે. તેમજ એક નંગ નાળિયેરનો ભાવ ૩૦ રૂપિયા નોંધાયો છે. ફળોના વેપારીઓ સાથે વાત કરતા જણાવ્યું હતુ કે, ફળોના ભાવમાં થતો ફેરફાર ટ્રાન્સપોર્ટ ચાર્જમાં થતી વધ-ઘટ, ફળના પાકને જરૂરી ખાતર-પાણીનો ખર્ચ, ફળોનો જથ્થો અને માંગ વગેરેને આધારે નક્કી કરવામાં આવે છે.

# રૂપાલાએ જાહેરમાં માફી માંગી ક્ષત્રિયોને કરી વિનંતી, પોતાની ભૂલ સ્વીકારી

## ક્ષત્રિય સમાજના આગેવાનોને મારી વિનંતી છે : આગેવાનોની સાથે સમજણનો નવો સેતુ બાંધવાનો પ્રયાસ કરીએ

### રૂપાલા વર્સિસ રાજપૂત વોર હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહી છે

**રાજકારણ કે હારજીત માટે નહીં પરંતુ સમાજ જીવનનો આ પ્રશ્ન છે માટે આ પ્રશ્ન રાજકારણથી દૂર રાખી ક્ષત્રિય સમાજ કોશિશ કરશે તેવી વિનંતી છે. સાથે જ તેમણે કાર્યકર્તાઓને કહ્યું હતું કે, ૭મી તારીખે સવારે ૧૦ વાગ્યે મતદાન પુરું થઈ જાય એ પ્રમાણે બધા કાર્યકરો કામે લાગી જાય. રૂપાલાના નિવેદનને લગભગ એક મહિના જેટલો સમય વીતી ગયો છે. અનેકવાર માફી માંગવા છતા રાજપૂત સમાજ પોતાની માંગ પર અડગ છે. ત્યારે ભાજપને રૂપાલાની ટિકિટ પરત ન ખેંચતા ક્ષત્રિયોએ હવે ભાજપ વિરોધી મતદાન કરવા આહવાન કર્યું છે. તેથી ક્ષત્રિય સમાજના આગેવાનોને મારી વિનંતી છે. સમાજના આગેવાનોની સાથે સમજણનો નવો સેતુ બાંધવાનો પ્રયાસ કરીએ.**

। (એજન્સી) રાજકોટ, તા.૨૮ ।

ગુજરાતમાં રૂપાલા વર્સિસ રાજપૂત વોર હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહી છે. ચૂંટણી પ્રચારમાં જઈ રહેલા ભાજપના અન્ય નેતાઓને પણ હવે ક્ષત્રિયોના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. ભાજપ પર ખરા ચૂંટણી ટાંણે મોટુ સંકટ આવી પડ્યું છે. આ સંકટને ટાળવા માટે ગુજરાત ભાજપ દ્વારા ડેમેજ કન્ટ્રોલ તો કરાઈ રહ્યુ છે. પરંતું તે પૂરતુ લાગતુ નથી. ત્યારે હવે ક્ષત્રિયોને મનાવવા રૂપાલાએ ફરી વિનંતી કરી છે. જાહેર મંચ પરથી રૂપાલાએ ફરી ક્ષત્રિય સમાજને વિનંતી કરતા કહ્યું કે, મારી ભૂલ છે મોદી સામે આક્રોશ શા માટે? સમજણનો નવો સેતુબંધ બાંધવા પ્રયાસ કરીએ.લોકસભા ચૂંટણી ૨૦૨૪ અનુસંધાને ૧૦ રાજકોટ લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ ૭૨ - જસદણ-વિંછીયા વિધાનસભાના મધ્યસ્થ કાર્યાલયનું ગઈકાલે ઉદ્‌ઘાટન કરાયું. ત્યારે આ કાર્યક્રમમાં પરસોત્તમ રૂપાલાએ જાહેરમાં ફરી એકવાર ક્ષત્રિય સમાજને વિવાદ પૂરો કરવા માટે અપીલ કરી હતી. રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ સંબોધનમાં કહ્યું કે, ભૂલ મારી છે, તો મોદીજીનો વિરોધ કેમ? ક્ષત્રિય સમાજની સમજદારી માટે વંદન કરું છું, એમને ધન્યવાદ આપું છું. મારી ભૂલ છે મેં સ્વીકારી છે. ક્ષત્રિય સમાજની સામે જઈને મેં માફી માગી લીધી છે.ક્ષત્રિય સમાજે મને પ્રતિસાદ પણ આપ્યો છે. તેથી ક્ષત્રિય સમાજના આગેવાનોને મારી વિનંતી છે. સમાજના આગેવાનોની સાથે સમજણનો નવો સેતુ બાંધવાનો પ્રયાસ કરીએ. પુરુષોત્તમ રૂપાલાએ વિનંતી સાથે જણાવ્યું હતું કે, મારી ભૂલના કારણે મોદી સાહેબ સામે રોષ ન થવો જોઈએ. મોદી સાહેબની વિકાસયાત્રામાં અનેક ક્ષત્રિય જોડાયેલા છે. ક્ષત્રિય સમાજે રાષ્ટ્રના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. સમજણનો નવો સેતુબંધ બાંધવા આપણે સૌ પ્રયાસ કર્યો. રાજકારણ કે હારજીત માટે નહીં પરંતુ સમાજ જીવનનો આ પ્રશ્ન છે માટે આ પ્રશ્ન રાજકારણથી દૂર રાખી ક્ષત્રિય સમાજ કોશિશ કરશે તેવી વિનંતી છે. સાથે જ તેમણે કાર્યકર્તાઓને કહ્યું હતું કે, ૭મી તારીખે સવારે ૧૦ વાગ્યે મતદાન પુરું થઈ જાય એ પ્રમાણે બધા કાર્યકરો કામે લાગી જાય.રૂપાલાના નિવેદનને લગભગ એક મહિના જેટલો સમય વીતી ગયો છે.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં તુવેર અને ઘઉંની જંગી આવક થઈ

## ફુલ ૧૫ જણસીની આવક નોંધાઇ હતી, જેમાં તુવેરના અને ઘઉંના ખેડૂતોને ખૂબ સારા ભાવ મળ્યા હતા

। જૂનાગઢ, તા.૨૮ ।

માર્કેટિંગ યાર્ડમાં આજે જણસીની પુષ્કળ પ્રમાણમાં આવક થઈ હતી. ત્યારે તુવેર, ઘઉં અને ચણાની સારી આવક તથા ખેડૂતોમાં સારા ભાવ મળવાને લીધે ખુશખુશાલ જોવા મળી હતી. આજે કુલ ૧૫ જણસીની આવક નોંધાઈ હતી, જેમાં તુવેરના અને ઘઉંના ખેડૂતોને ખૂબ સારા ભાવ મળ્યા હતા. ખેડૂતો ઓપન માર્કેટમાં પોતાના પાકને વેચવાનું એટલા માટે જ પસંદ કરી રહ્યા છે. કારણ કે, ટેકાના ભાવ કરતા ખેડૂતોને ઓપન માર્કેટમાં સારા એવા ભાવ મળી રહે છે, જેથી આજે સારા ભાવ મળતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા. આજે તુવેરની ૨,૩૧૦ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં આજે ખેડૂતોને તુવેર સારા એવા ભાવ મળ્યા હતા. આજે ૧,૪૨૦ ક્વિન્ટલ તુવેરની આવક સામે એક મણનો ઉંચો ભાવ ૨,૩૪૧ રૂપિયા, એક મણનો નીચો ભાવ ૧,૯૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૨,૧૫૦ રૂપિયા નોંધાયો હતો. આજે ખેડૂતોને તુવેર અને સોયાબીનનો સારો એવો ભાવ મળ્યો હતો. જૂનાગઢ યાર્ડમાં વિવિધ જણસીની આવક થઈ હતી, ખેડૂતોને સારા ભાવ મળ્યા હતા. ચાલુ વર્ષે મગફળીના સારા ભાવ રહ્યાં હતા. યાર્ડમાં તલ, જીરું, ઘઉં, ધાણા, સોયાબીન, તુવેરના સારા ભાવ ખેડૂતોને મળ્યા હતા. ટુકડા ઘઉંની ૩૯૦ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૫૨૧, એક મણનો નીચો ભાવ ૪૩૦ અને એક મણનો સામાન્ય ભાવ ૪૭૫ રૂપિયા નોંધાયો હતો. લોકવન ઘઉંની ૧,૦૨૧ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઉંચો ભાવ ૫૩૬, એક મણનો નીચો ભાવ ૪૨૫ અને સામાન્ય ભાવ ૪૯૦ રૂપિયા નોંધાયો હતો. જૂનાગઢ યાર્ડમાં આજે મગફળીની સારી આવક થઈ હતી. આજે યાર્ડમાં મગફળીના એક મણના ઉંચા ભાવ ૧,૨૭૦ રૂપિયા બોલાયા હતા અને નીચા ભાવ ૧,૧૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧૧૭૦ રૂપિયા નોંધાયા હતા. જૂનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષે સોયાબીનનું સારું વાવેતર થયું છે. યાર્ડમાં આજે સોયાબીનની પણ આવક થઈ હતી. ખેડૂતોએ સંગ્રહ કરેલા સોયાબીન આવ્યા હતા, ત્યારે આજે યાર્ડમાં એક મણ સોયાબીનના ૯૦૫ રૂપિયા ભાવ બોલાયો હતો, જયારે સામાન્ય ભાવ ૮૮૫ રૂપિયા રહ્યો હતો અને નીચા ભાવ ૮૫૦ રૂપિયા રહ્યો હતો.

## રાજ્યમાં લિફ્ટમાં ખામી સર્જાતા બન્યા બે અકસ્માતો

# સુરતમાં લિફ્ટ પડતા ૪ લોકો ફસાયા અને જામનગરના ૧ સગીરનું થયું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

લિફ્ટ સુવિધા આપવા સાથે જોખમ કારક પણ છે. ગુજરાતમાં લિફ્ટમાં ખામી સર્જાતા અકસ્માત બનવા પામ્યો.

સુરત અને જામનગરમાં લિફ્ટમાં ખામી સર્જવાના કારણે અકસ્માત બનવા પામ્યો. સુરતમાં લિફ્ટ તૂટવાથી ૪ લોકો ફસાતા તમામને ગંભીર ઈજા પંહોચી હતી. જ્યારે જામનગરમાં લિફ્ટ તૂટી પડવાના કારણે એક સગીરનું મોત નિપજયું છે. સુરતમાં લિફ્ટ તૂટી પડવાના કારણે ચાર લોકોને ગંભીર ઈજા પંહોચી. જેમાં એકની હાલત વધુ ગંભીર હોવાનું મનાય છે. જ્યારે રાજ્યમાં એક જ દિવસે બીજા શહેર જામનગરમાં રણજીતનગરમાં લિફ્ટમાં ખામી સર્જાવાના કારણે ૧૭ વર્ષના તરુણનું મોત નિપજયું. આ સગીર માલવાહક લિફ્ટમાં કેટરીંગનું કામ કરતા હતો. સગીરનું નામ તોસિફ અહેમદભાઈ મકવાણા હોવાનું સામે આવ્યું છે. કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલ આ સગીર રણજીતનગરમાં એક પ્રસંગમાં માલવાહક લિફ્ટમાં માલસામાન પંહોચાડવા માટે ગયો હતો ત્યારે આ બનાવ બનવા પામ્યો. લિફ્ટમાં ફસાતા તેનું મોત નિપજયું. સગીરનું નામ તોસિફ અહેમદભાઈ મકવાણા હોવાનું સામે આવ્યું છે. કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલ આ સગીર રણજીતનગરમાં એક પ્રસંગમાં માલવાહક લિફ્ટમાં માલસામાન પંહોચાડવા માટે ગયો હતો ત્યારે આ બનાવ બનવા પામ્યો. લિફ્ટમાં ફસાતા તેનું મોત નિપજયું.

## એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન અને અહિંસા મહાસંઘ

# પ્રાણીઓની કતલ કરતા પહેલા નિયમોનું પાલન ન કરનારને દંડ કરવા અરજી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

બે એનજીઓ – એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન અને અહિંસા મહાસંઘ -એ શુક્રવારે ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને રાજ્યના કતલખાનાઓમાં પ્રાણીઓની કતલ કરતા પહેલા તેમને બેહોશ કરવા માટેના નિયમો લાગુ કરવા માટે અધિકારીઓને કોર્ટના નિર્દેશો આપે તેવી માંગ કરી હતી. એનજીઓએ હાઈકોર્ટને વિનંતી કરી કે તેઓને જાહેર હિતની અરજી માં કાર્યવાહીમાં જોડાવા દે જેમાં કતલખાના અને માંસની દુકાનોના નિયમન અંગેના કાયદાના અમલીકરણની માંગ કરવામાં આવી છે. હાઈકોર્ટે બે વર્ષ પહેલા રાજ્યભરમાં અનેક માંસ અને ચિકનની દુકાનો બંધ કરવા માટે વિવિધ દિશાનિર્દેશો જારી કર્યા હતા. અરજદારો માટે, એડવોકેટ નિસર્ગ એસ શાહે રજૂઆત કરી હતી કે ચાર કાર્યરત સરકારી કતલખાનાઓ પાસેથી મળેલી માહિતી દર્શાવે છે કે પ્રાણીઓની કતલ કરતા પહેલા તેઓને બેહોશ કરવામાં આવતા નથી. આ નિયમો નિર્ધારિત છે અને સુપ્રીમ કોર્ટે એક આદેશમાં પણ તેના પર ભાર મૂક્યો છે. તેણે કતલખાનાઓ અંગેની પીઆઈએલમાં કોર્ટને મદદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ માયીની બનેલી બેન્ચે દ્વયને આ દાવામાં સામેલ થવા દેવાનો ઈનકાર કર્યો હતો. તેના આદેશમાં, કોર્ટે નોંધ્યું હતું કે એનજીઓ કાયદાઓ અને તથ્યોની વિવિધ જોગવાઈઓ કોર્ટના ધ્યાન પર લાવવા માંગે છે.

## ખીચડીમાંથી વંદો નીકળ્યો,

# પણ રેસ્ટોરન્ટે જ ગ્રાહક વિરૂદ્ધ ફરિયાદ કરી

। અમદાવાદ, તા.૨૮ ।

ખાણીપીણીના અનેક બેદરકારીના કિસ્સા સામે આવી રહ્યા છે. રેસ્ટોરન્ટ્સ દ્વારા ગ્રાહકોને હલકી કક્ષાનું ભોજન પીરસાઈ રહ્યું છે. ત્યારે અમદાવાદ શહેરમાં વસ્ત્રાપુરની એક રેસ્ટોરન્ટમાં એક ગ્રાહકે ખીચડી મંગાવતા તેમાંથી જીવાત નીકળતાં રેસ્ટોરન્ટે જ ગ્રાહક વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




આવું પ્રથમ વખત બન્યું છે જ્યાં રેસ્ટોરન્ટે ગ્રાહક સામે ફરિયાદ નોંધાવી હોય. અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલી અર્બન ખીચડીમાંથી મંગાવેલા ઓર્ડરમાં જીવાત નીકળી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. ગ્રાહકે ઓર્ડર કરેલી ખીચડીમાં જીવાત નીકળતા વીડિયો ઉતાર્યો હતો. ગ્રાહકે જણાવ્યું કે, અમે ખીચડીનો ઓર્ડર કર્યો હતો અને જે ખીચડી પીરસવામાં આવી છે તેમાંથી મોટી જીવાત નીકળી છે. રેસ્ટોરન્ટને આ ઘટનાની જાણ થતાં તેઓએ કહ્યું કે, ભૂલ થઈ ગઈ અને હવેથી આવું નહીં થાય તેવું જણાવી દીધું હતું.

પરંતુ ઓનલાઈન ઓર્ડર બાદ ગ્રાહકે સોશિયલ મીડિયા થકી અર્બન ખીચડી રેસ્ટોરન્ટની ખીચડીમાંથી જીવાત નીકળ્યાને આરોપ લગાવ્યો હતો. જેથી અર્બન ખીચડી આઉટલેટ દ્વારા વીડિયો પોસ્ટ કરનાર ગ્રાહક સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ છે. રેસ્ટોરન્ટે ફરિયાદમાં કહ્યું કે, એક વ્યક્તિ દ્વારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો મૂકી તેમના આઉટલેટને બદનામ અને આર્થિક નુકસાન કરવામાં આવ્યું છે. જે વીડિયો થકી આરોપ લગાવાયો તે ગ્રાહકના આરોપમાં કોઈ તથ્ય ન હોવાનું રેસ્ટોરન્ટનું નિવેદન છે.

ahmedabadupadtes નામના પ્લેટફોર્મ પર વીડિયો અપલોડ થયા બાદ રેસ્ટોરન્ટે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વીડિયો પોસ્ટ થયા બાદ રેસ્ટોરન્ટ તરફથી તે સોશિયલ મીડિયા હેન્ડલ પર મેસેજ કરવા છતાં તેનો રીપ્લાય ન મળ્યો હોવાનું પત્રમાં ઉલ્લેખ કરાયો છે. એએમસીએ પણ જણાવ્યું છે કે રેસ્ટોરન્ટ પાસે પેસ્ટ કંટ્રોલનું નિયત લાયસન્સ પણ છે.

## કોંગ્રેસ ખોટું બોલનારી અને આપ ખોટાની સરદાર જેવી પાર્ટી છે.

# મનસુખભાઈને ત્યાં કોઈ સભા કરવાની જરૂર જ નથી, મનસુખભાઈ દરેક ગામમાં પહોંચ્યા છે : અમિત શાહ

## ભરૂચ લોકસભા બેઠક પર મનસુખ વસાવાના સમર્થનમાં વિજય સંકલ્પ સભાનું આયોજન ભાજપ દ્વારા કરાયું હતું

। ભરૂચ, તા.૨૮ ।





ભરૂચ લોકસભા બેઠક પર મનસુખ વસાવાના સમર્થનમાં વિજય સંકલ્પ સભાનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. ભરૂચની વિજય સંકલ્પ સભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મનસુખભાઈને ત્યાં કોઈ સભા કરવાની જરૂર જ નથી. મનસુખભાઈ દરેક ગામમાં પહોંચ્યા છે.

મનસુખભાઈનો સારો પ્રચાર કરી શકે તો તે મનસુખભાઈ જ કરી શકે. કંઈક આડુંઅવળું કરશો તો કોઈ અર્બન નક્સલ આવી જશે. અર્બન નક્સલ આવશે તો બધું ખેદાન - મેદાન કરી નાખશે. આમ નામ લીધા વગર ચૈતર વસાવાને અર્બન નક્સલ ગણાવ્યા હતા. આદિવાસી ભાઈઓ - બહેનો સમજો સૌથી વધુ ફાયદો તમને થયો છે. કોંગ્રેસ આદિવાસી વિરોધી અને આપ આદિવાસીઓનું શોષણ કરનારી પાર્ટી છે.

કોંગ્રેસ અને આપ સાથે મળીને ચૂંટણી લડવા નીકળ્યા છે. નરેન્દ્રભાઈએ પહેલી વખત આદિવાસી દીકરીને મહામહિમ રાષ્ટ્રપતિ બનાવી સન્માન કર્યું. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા ત્યાં સુધી કોઈને ખબર ન્હોતી સિકલસેલ નામનો રોગ છે. કોંગ્રેસને પૂછવા માગું છું ૧૦ વર્ષમાં માત્ર ૨૮ હજાર કરોડનું બજેટ હતું. નરેન્દ્રભાઈએ અનેક ગણું બજેટ વધારી આપ્યું. ૪૦ હજાર ટ્રાયબલ શિક્ષકોની ભરતી કરી છે. રૂ. ૭૫ હજાર કરોડ આદિવાસીઓના વિકાસ માટે નવા આપ્યા છે. કોંગ્રેસ ખોટું બોલનારી અને આપ ખોટાની સરદાર જેવી પાર્ટી છે. બંને જુઠ્ઠાઓ ભરૂચમાં ચૂંટણી લડવા એક થયા છે. ભાજપ ૪૦૦ પર જશે તો અનામત ખતમ કરશે તેવું જુઠ્ઠાણું ફેલાવે છે. નરેન્દ્ર મોદી એસટી અને એસસીના અનામતને હાથ લગાડશે નહિ અને લગાવવા પણ નહિ દે. હું નરેન્દ્ર મોદી વતી ગેરંટી આપુ છું,

**વિશેષ** | સુગમ ચૂંટણી સંચાલનના લક્ષ્ય સાથે યોજાયેલા Know Your Polling Station અભિયાનને સાંપડ્યો વ્યાપક પ્રતિસાદ

# રાજ્યના તમામ મતદાન મથકો પર બુથ લેવલ ઓફિસર્સ દ્વારા મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારો પોતાના મતદાન મથકના સ્થળ, મતદાન માટેના જરૂરી પુરાવા અને મતદાન મથક પરની પ્રાથમિક સુવિધાઓ અંગે આગોતરા માહિતગાર થઈ શકે તે માટે તા.૨૮ મે ને રવિવારના રોજ સમગ્ર રાજ્યમાં દ્વર્હુ ર્રૂ ઁ઼઼હપ્ર જીંર્દ્બહ અભિયાન યોજાયું હતું. સાથે જ મતદાન મથકો પર ગ્રામ્ય કક્ષાએ કાર્યરત કર્મચારીઓ દ્વારા ચુનાવ પાઠશાલા યોજી મહત્તમ મહિલા મતદારો સહપરિવાર મતદાન કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. મતદાર એ સશક્ત લોકશાહીનો આધારસ્તંભ છે. ચૂંટણીમાં મતાધિકારના ઉપયોગ માટે આવનાર મતદાતા, મતદાન માટેની સુવિધાઓથી સુપરિચિત હોય તે જરૂરી છે. મતદાન મથકનું સ્થળ ખબર ન હોવાના કારણે, મતદાન માટેના આવશ્યક દસ્તાવેજો વિષે જાણ ન હોવાના કારણે અથવા તો એક કરતા વધુ પોલિંગ સ્ટેશન ધરાવતા પોલિંગ સ્ટેશન લોકેશન પર કયા મતદાન મથકમાં મતદાન માટે જવાનું છે તે અંગે મતદારો



મુંઝવણ અનુભવતા હોય છે. મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવામાં સરળતા રહે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ આવશ્યક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવે છે. સુગમ ચૂંટણી સંચાલનના લક્ષ્ય સાથે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ તા.૨૮ મે ને રવિવારના રોજ સમગ્ર રાજ્યમાં દ્વર્હુ ર્રૂ ઁ઼઼હપ્ર જીંર્દ્બહ અભિયાન યોજાયું હતું. જેમાં રાજ્યના તમામ મતદાન મથકો પર સવારે ૦૯.૦૦ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી હાજર રહી બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. પોતાના મતદાન મથક સ્થળ પર આવનાર મતદારોને આગામી તા. ૭ મે ના રોજ યોજાનાર મતદાનના દિવસે કયા પોલીંગ બુથમાં મત આપવા જવાનું છે, મતદાન માટે EPIC અને તેની અવેજીમાં કયા પુરાવા માન્ય ગણાશે, પીવાના પાણીથી લઈ શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓ, દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થાઓ સહિતની બાબતો અંગે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને અવગત કરાવવામાં આવ્યા હતા. Know Your Polling Station અભિયાન અંતર્ગત નાગરિકોએ પોતાના મતદાન મથકની મુલાકાત લીધી હતી. નાગરિકોએ તેમને મુંઝવતા પ્રશ્નો વિશે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અંગે સંતોષ વ્યક્ત કરવા સાથે મતદાનના દિવસે મતદારોની સુગમતા માટે ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આગવી પહેલને બિરદાવી હતી. Know Your Polling Station અભિયાનની સાથે સાથે રાજ્યના તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલા યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય કક્ષાએ કાર્યરત તલાટી, આશા વર્કર અને આંગણવાડી વર્કર સહિતના કર્મચારીઓ દ્વારા મહત્તમ મતદારો મતદાન કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ચુનાવ પાઠશાલા અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા ખાસ કરીને મહિલા મતદારોને મોટી સંખ્યામાં સહપરિવાર મતદાન કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૭ મે, ૨૦૨૪ ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે મતદાન યોજાનાર છે ત્યારે મતદારો માટે મતદાનનો અનુભવ સુખદ બની રહે તે માટે રાજ્યભરમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદાન મથક સ્થળોની નિયમિત સફાઈ સહિતની બાબતો સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

### હવે જેલમાંથી બહાર આવવું મુશ્કેલ બનશે

# સલમાનના ઘર પર ફાયરિંગ કરનાર સામે લાગ્યો મકોકા

## મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૧૯૯૯માં MCOCA એક્ટ લાગુ કર્યો હતો. તેને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ કહેવામાં આવે છે.

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મુંબઈ પોલીસે ૧૪ એપ્રિલે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ગેલેક્સી એપાર્ટમેન્ટમાં બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરનારા તમામ આરોપીઓ પર MCOCA એક્ટ લાગુ કર્યો છે. આ કેસમાં બિશ્નોઈ ગેંગના બે શૂટર વિકી ગુપ્તા અને સાગર પાલ પોલીસની કસ્ટડીમાં છે. તેની ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે પોલીસે કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના ભાઈ અનમોલ બિશ્નોઈને મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ ગુજરાતની સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે જરૂરી કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી



છે. પોલીસે લોરેન્સના નાના ભાઈ અનમોલ વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે. અનમોલ અત્યારે અમેરિકામાં બેઠો છે. ત્યાંથી તે ભારતમાં ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યો છે. સલમાન ખાનના ઘરે ફાયરિંગ બાદ તેણે આ ઘટનાની જવાબદારી લીધી હતી. આ કેસમાં, સલમાન ખાનના સુરક્ષા ગાર્ડના નિવેદનના આધારે, મુંબઈ પોલીસે આઈપીસીની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. પરંતુ બાદમાં એફઆઈઆરમાં ત્રણ નવી કલમો ઉમેરવામાં આવી, જેમાં આઈપીસી કલમ ૫૦૬ (૨) (ધમકી આપવી), ૧૧૫ (ઉશ્કેરણી) અને ૨૦૧ (પુરાવાનો નાશ કરવો)નો સમાવેશ થાય છે. હવે પોલીસે મકોકા એક્ટ પણ લગાવી દીધો છે, જેના કારણે આ મામલો ઘણો મજબૂત બન્યો છે. મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૧૯૯૯માં MCOCA એક્ટ લાગુ કર્યો હતો. તેને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ કહેવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય સંગઠિત અને અંડરવર્લ્ડ ગુનાઓને ખતમ કરવાનો છે. આ કાયદો મહારાષ્ટ્ર અને દિલ્હીમાં લાગુ છે. મકોકાની સૌથી મોટી વિશેષતા એ છે કે જ્યારે આ કાયદા હેઠળ કોઈની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી હોય તો તેને જ્યાં સુધી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી જામીન મળી શકે નહીં.


### સુરતના વીઆર મોલની ઘટના

# મેનેજરે કંપનીના શૂઝ અને કપડા બિલ વિના બારોબર સસ્તા ભાવે વેચી દીધા

## બિલ વિના સસ્તી કિંમતે વેચી દેનાર સ્ટોર મેનેજરની ધરપકડ, કુલ ૧૨.૨૯.૦૫૯ રૂપિયાનો મુદ્દામાલ બારોબાર વેચી માર્યો

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતના વીઆર મોલમાં એસિસ બ્રાન્ડ શૂઝ શો-રૂમના સ્ટોર મેનેજર માલિકની જાણ બહાર શૂઝ કપડાં સહિત બિલ વિના સસ્તી કિંમતે બારોબાર વેચી રૂપિયા ૧૬.૨૯ ની છેતરપિંડી કરનાર આરોપી પ્રશાંત ચોખાવાલાની ઉમરા પોલીસે ધરપકડ કરી છે. સુરતના વીઆર મોલમાં એસિસ બ્રાન્ડ શૂઝ શો-રૂમના સ્ટોર મેનેજર માલિકની જાણ બહાર શૂઝ કપડાં સહિત બિલ વિના સસ્તી કિંમતે બારોબાર વેચી રૂપિયા ૧૬.૨૯ ની છેતરપિંડી કરનાર આરોપી પ્રશાંત ચોખાવાલાની ઉમરા પોલીસે ધરપકડ કરી છે. આરોપી વી આર મોલમાં એસિસ બ્રાન્ડ શૂઝ શો-રૂમમાં સ્ટોર મેનેજર તરીકે કામ કરતો હતો. તેણે ગત ૨૮ નવેમ્બર



૨૦૨૨ના રોજ -રૂમમાં ખરીદી કરવા આવતાં ગ્રાહકોને બિલ વિના અને સસ્તી કિંમતે બારોબાર વેચાણ કરી કંપની સાથે ગોબાચારી આચરી હતી. તથા શો-રૂમના માલિક દ્વારા તપાસ હાથ ધરવામાં આવતાં ત્રણ માસમાં પ્રશાંત ચોખાવાલાએ ૧૫૪ નંગ શૂઝ, ટીશર્ટ, ટ્રેક પેન્ટ ૮૧ નંગ, મોજા સહિત કુલ ૨૪૭ નંગ ચીજવસ્તુઓનો સ્ટોક મળી આવ્યો ન હતો. જે મામલે તપાસ કરતા પ્રશાંતે કુલ રૂપિયા ૧૨.૨૯.૦૫૯ મુદ્દામાલ કંપનીમાં જમા નહીં કરાવીને ઠગાઈ કરી હતી. જોકે, પ્રશાંતે શો-રૂમના માલિકને નાણાં પરત કરી દેશે એવી વાત કરી હતી, પરંતુ નાણાં કે મુદ્દામાલ પરત નહીં કરતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સુરતના વીઆર મોલમાં એસિસ બ્રાન્ડ શૂઝ શો-રૂમના સ્ટોર મેનેજર માલિકની જાણ બહાર શૂઝ કપડાં સહિત બિલ વિના સસ્તી કિંમતે બારોબાર વેચી રૂપિયા ૧૬.૨૯ ની છેતરપિંડી કરનાર આરોપી પ્રશાંત ચોખાવાલાની ઉમરા પોલીસે ધરપકડ કરી છે. આ બાબતે ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, એક ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

### મુસાફરોને મુસાફરી ટાળવા સલાહ અપાઈ

# શ્રીનગર-જમ્મુ હાઇવે ખરાબ હવામાનને કારણે બંધ કરાયો

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ કાશ્મીરમાં ખરાબ હવામાનની પરિસ્થિતિ સર્જાઇ હતી. જ્યાં ખરાબ હવામાનને કારણે સત્તાવાળાઓએ શનિવારે શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર બંધ કરી દીધો હતો તેમ માહિતી પ્રાપ્ત થઈ હતી.



આ મામલે અધિકારીના જણાવ્યા અનુસાર દલવાસ, મેહર અને હિંગણી ખાતે લપસણોની સ્થિતિ ઉપરાંત દલવાસમાં કાદવને કારણે માર્ગ સંકોચવાને કારણે અધિકારીઓને વાહનોની અવરજવર માટે હાઈવે બંધ કરવા પ્રેર્યા હતા. તેમણે મુસાફરોને હાઈવે પર મુસાફરી ટાળવા અને મુસાફરી શરૂ કરતા પહેલા રામબન અને ઉધમપુરના ટ્રાફિક કંટ્રોલ યુનિટ પાસેથી યોગ્ય રસ્તાની સ્થિતિ મેળવવાની સલાહ આપી હતી. દલવાસમાં માટી ધસી પડતાં માર્ગ સંકોચાઈ ગયો છે. પ્રવાસીઓને NH-44 પર મુસાફરી ટાળવા અથવા મુસાફરી શરૂ કરતા પહેલા ્ઝેં રામબન/ઉધમપુરથી રસ્તાની સ્થિતિ જાણવા વિનંતી કરવામાં આવે છે," IGP ટ્રાફિકે જણાવ્યું હતું.

### ગોધરામાં અમિત શાહનો ઝંઝાવાતી પ્રચાર

# અમિત શાહે રામ મંદિર અને તેના માટે બલિદાન આપનારા લોકોને યાદ કર્યા

। (એજન્સી) ગોધરા, તા.૨૮ ।

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગોધરામાં પ્રચાર કરી ભાજપના ઉમેદવારોને સમર્થન આપવા તેમજ મત આપવા અપીલ કરી હતી. અમીત શાહ હાલ ગુજરાત પ્રવાસે છે ત્યારે તેઓ ગોધરા પહોચ્યાં હતા જ્યાં ભાજપ માટે પ્રચાર કરી ઉમેદવારોને મતદાન કરવા અપીલ કરી હતી. અમિત શાહે ગોધરામાં રામ મંદિર બને તે માટે ગોધરામાં ૬૦ કાર સેવકોએ બલિદાન આપ્યું હતુ જેમને શ્રદ્ધાંજલી પાઠવી હતી.

અમિત શાહે ગુજરાતની મુલાકાતે છે ત્યારે ભાજપ ઉમેદવારોના સમર્થનમાં મેરેથોન ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ દરમિયાન અમિત શાહે પંચમહાલના ગોધરામાં પણ ઝંઝાવાતી પ્રચાર કર્યો. તેમણે જનસભાને સંબોધતા રામ મંદિર અને તેના માટે બલિદાન આપનારા લોકોને યાદ કરી કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, રામ મંદિર બને તે માટે ગોધરાના સ્ટેશન પર ૬૦ કાર સેવકોએ બલિદાન આપ્યું હતું અમિત શાહે, ભાષણની શરૂઆતમાં જ હદયપૂર્વક કાર સેવકોને શ્રદ્ધાંજલિ આપીને સંવેદના વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, અમિત શાહે અયોધ્યા રામ મંદિરના આમંત્રણને લઈ કોંગ્રેસ પક્ષ સામે શાબ્દિક પ્રહાર પણ કર્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસે તેમની લઘુમતિ વોટબેંકને બચાવવા અયોધ્યા રામ મંદિરનું આમંત્રણ ન સ્વીકાર્યુ. અમિત શાહે ઉમેર્યું કે, રામ જન્મભૂમિ ટ્રસ્ટે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને ખડગેને આમંત્રણ આપ્યા હતા, છતાં કોંગ્રેસ પક્ષના લોકો ના આવ્યા કારણ કે તેમને પોતાની વોટબેંક બચાવવી હતી.

# ગમખ્વાર અકસ્માતમાં પટેલ પરિવારની 3 મહિલાના મોત

## ત્રણેય મહિલા મૂળ આણંદની હતી જેમની ઓળખ રેખાબેન પટેલ, સંગીતાબેન પટેલ, મનીષાબેન પટેલ તરીકે કરવામાં આવી છે

। (એજન્સી) સાઉથ કેરોલિના, તા.૨૮ ।

અમેરિકામાં શુક્રવારે બપોરે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ત્રણ ગુજરાતી મહિલાઓના મોત થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર આ ત્રણેય મહિલા મૂળ આણંદની હતી જેમની ઓળખ રેખાબેન પટેલ, સંગીતાબેન પટેલ તેમજ મનીષાબેન પટેલ તરીકે કરવામાં આવી છે. આ મહિલાઓ વોલ્વો ઠઝ ૯૦ જીંફમાં સવાર હતી, જેને સાઉથ કેરોલિનાની ગ્રીનવિલે કાઉન્ટીમાં અકસ્માત નડ્યો હતો. અમેરિકન મીડિયાના જણાવ્યા અનુસાર, ત્રણેય મૃતક મહિલાઓ જ્યોર્જિયાની રહેવાસી હતી.



પૂર ઝડપે દોડી રહેલી આ કારના ડ્રાઈવરને અકસ્માતમાં ગંભીર ઈજા થઈ છે, જેની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે પરંતુ તેની કોઈ ઓળખ જાહેર કરવામાં નથી આવી. અકસ્માતગ્રસ્ત કારની ડિટેક્શન સિસ્ટમ દ્વારા એક્સિડન્ટની માહિતી મૃતકોના પરિવારજનોને મળ્યા બાદ તેમણે સાઉથ કેરોલિનામાં રહેતા પોતાના સંબંધીઓને મેસેજ આપ્યો હતો અને આખરે પોલીસને આ અંગે જાણ થઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેનાથી કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા અને તેની ઓળખ કરવી પણ અઘરી બની ગઈ હતી. લોકલ મીડિયાના જણાવ્યા અનુસાર આ કાર નોર્થ કેરોલિનાના ઈન્ટરસ્ટેટ હાઈવે નંબર ૮૫ પર પૂરઝડપે દોડી રહી હતી ત્યારે તેને આ અકસ્માત નડ્યો હતો. અમેરિકાના સમય અનુસાર શુક્રવારે બપોરે લેકસાઈડ રોડ નજીક બપોરે ૧૨.૦૫ કલાકે થયેલા આ અકસ્માતનું કારણ હજુ સુધી નથી જાણી શકાયું. સ્ટાઉન્ટન બ્રિજ રોડ પર થયેલા આ અકસ્માતમાં કાર ૨૦ ફુટ ઉછળીને વૃક્ષો સાથે ટકરાયા બાદ ધડાકાભેર પટકાઈ હતી.

અકસ્માત થયો તે સ્થળે પોલીસ પહોંચી તે વખતે તેમાં સવાર ત્રણેય મહિલાના મોત થઈ ચૂક્યા હતા, જ્યારે કારના ડ્રાઈવરને અતિગંભીર હાલતમાં હોસ્પિટલ શિફ્ટ કરવામાં આવ્યો હતો. ગ્રીનવીલે કાઉન્ટીના ડેપ્યુટી કોરોનર માઈક એલિસના જણાવ્યા અનુસાર કારની હાલત જોઈને એ વાતનો અંદાજ લગાવી શકાય છે કે તે સ્પીડ લિમિટ કરતાં ઘણી વધારે ઝડપથી દોડી રહી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યા સંકેત, જો ભાજપ જીતે તો કેન્દ્રમાં પૂર્વ CMને અપાશે જવાબદારી

। (એજન્સી) ભોપાલ, તા.૨૮ ।

મધ્યપ્રદેશ ભાજપના દિગ્ગજ નેતા અને રાજ્યમાં સૌથી વધુ સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ બનાવનાર શિવરાજ સિંહ ચૌહાણ હવે રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની દમ દેખાડી શકે છે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેના સંકેત આપ્યા છે.




પીએમ મોદીએ મધ્ય પ્રદેશના હરદામાં આયોજિત એક ચૂંટણી રેલીમાં કહ્યું કે, હવે તેઓ શિવરાજ સિંહ ચૌહાણને દિલ્હી લઈ જવા માગે છે. ત્યારબાદથી જ તેમને કેન્દ્રમાં મોટી જવાબદારી સોંપવામાં આવશે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. પીએમએ શિવરાજ સિંહની પ્રશંસા પણ કરી હતી અને કહ્યું હતું કે, બંનેએ પાર્ટી સંગઠન અને પછી મુખ્યમંત્રીના પદ પર રહીને એકસાથે કામ કર્યું હતું. લોકસભા ચૂંટણીમાં ભાજપે શિવરાજ સિંહને વિદિશા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. તેઓ મુખ્યમંત્રી બનવા પહેલા ૫ વાર આ બેઠક પરથી સાંસદ રહી ચૂક્યા છે. પરંપરાગત રીતે આ બેઠકને ભાજપનો ગઢ માનવામાં આવે છે. આ બેઠક પરથી અટલ બિહારી વાજપેયી અને સુષમા સ્વરાજ જેવા દિગ્ગજ ભાજપના નેતાઓ જીત મેળવી ચૂક્યા છે. શિવરાજ સિંહ ચૌહાણ ખુદ ૧૯૯૧ની પેટાચૂંટણી અને ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯ અને ૨૦૦૪ની લોકસભા ચૂંટણી વિદિશાથી જીતી ચૂક્યા છે. કોંગ્રેસે વિદિશાથી પ્રતાપ ભાનુ શર્માને શિવરાજ સિંહ ચૌહાણ સામે મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપે જ્યારથી શિવરાજ સિંહ ચૌહાણને વિદિશાથી ઉમેદવાર બનાવવાની જાહેરાત કરી છે ત્યારથી એવી અટકળોએ જોર પકડ્યુ છે કે તેમને કેન્દ્રીય રાજકારણમાં મોટી જવાબદારી આપવામાં આવી શકે છે. હવે પીએમ મોદીના તાજેતરના નિવેદન બાદ આ વાતને વધુ વેગ મળ્યો છે.

# દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૧૦ રને પરાજય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હી કેપિટલ્સે શાનદાર પ્રદર્શન કરતા આઈપીએલ-૨૦૨૪ની ૪૩મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૦ રને પરાજય આપી પાંચમી જીત મેળવી છે. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સે છઠ્ઠી હારનો સામનો કરવો પડ્યો છે. દિલ્હીમાં રમાયેલી આ મેચમાં પણ રનનો વરસાદ થયો હતો. દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૫૭ રન ફટકારી દીધા હતા. જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૨૪૭ રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સે પાવરપ્લેમાં જ પોતાની ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. રોહિત શર્મા ૮ બોલમાં ૮ રન બનાવી ખલીલ અહમદનો શિકાર બન્યો હતો. ઈશાન કિશન ૧૪ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૨૦ રન બનાવી આઉટ થયો હતો. સૂર્યકુમાર યાદવે આક્રમક શરૂઆત કરી પણ તે માત્ર ૨૬ રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. મુંબઈએ પાવરપ્લેમાં ૩ વિકેટે ૬૫ રન બનાવ્યા હતા. કેપ્ટન હાર્દિક પંડ્યા આજે પોતાની જૂની લયમાં જોવા મળ્યો હતો. પંડ્યાએ ૨૪ બોલમાં ૪ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૪૬ રન બનાવ્યા હતા. નેહલ વઢેરા માત્ર ૨ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે ટિમ ડેવિડે ૧૭ બોલમાં ૩૭ રન બનાવ્યા હતા. મોહમ્મદ નબી પણ ૭ રન બનાવી આઉટ થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી તિલક વર્માએ સૌથી વધુ રન બનાવ્યા હતા. તિલક ૩૨ બોલમાં ૪ ફોર અને ૪ સિક્સ સાથે ૬૩ રન બનાવી રનઆઉટ થયો હતો. પીયુષ ચાવલા ૧૦ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે લ્યુક વુડે અણનમ ૯ રન બનાવ્યા હતા. દિલ્હી તરફથી રશિખ ડેર અને મુકેશ કુમારને ત્રણ-ત્રણ સફળતા મળી હતી. ઓસ્ટ્રેલિયાના ૨૨ વર્ષીય ફ્રેઝર-મેકગર્કે આઈપીએલમાં ધમાલ મચાવી છે. મેકગર્કે પોતાની વિસ્ફોટક બેટિંગથી લોકોને પોતાના દીવાના બનાવી લીધા છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે પણ પ્રથમ ઓવરથી મેકગર્કે આક્રમક શરૂઆત કરી હતી. મેકગર્કે આઈપીએલ-૨૦૨૪માં બીજીવાર ૧૫ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. મેકગર્ક ૨૭ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૬ સિક્સ સાથે ૮૪ રન બનાવી આઉટ થયો હતો. મેકગર્કની આક્રમક શરૂઆતનો ફાયદો દિલ્હી કેપિટલ્સના અન્ય બેટરોએ પણ ઉઠાવ્યો હતો. અભિષેક પોરેલ ૨૭ બોલમાં ૩૬ રન બનાવી આઉટ થયો હતો. શાઈ હોપ એ ૧૭ બોલમાં ૫ સિક્સ સાથે ૪૧ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ રિષભ પંતે ૧૯ બોલમાં બે ચોગ્ગા અને બે સિક્સ સાથે ૨૯ રન બનાવ્યા હતા.

# CRPF DIG પર મહિલા કર્મચારીઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ

## સીઆરપીએફ ડીઆઈજી સામે આ કાર્યવાહી UPSCની ભલામણ અને ગૃહમંત્રાલયની મંજૂરી બાદ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્રીય રિઝર્વ પોલીસ એટલે CRPF DIG ખજાન સિંહ પર મહિલા કર્મચારીઓ દ્વારા જાતીય શોષણ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ત્યારે જવાનને દોષિત જાહેર કર્યા બાદ સસ્પેન્ડ કરવાનો આદેશ મળ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે આરોપી CRPF અધિકારી અર્જુન એવોર્ડ વિજેતા છે.

ડીઆઈજી રેન્ક ધરાવતા ચીફ સ્પોર્ટ્સ ઓફિસર ખજાન સિંહ પર CRPFની મહિલા કર્મચારીઓએ જાતીય સતામણી કરવાનો આરોપ મૂક્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે આ કાર્યવાહી UPSC ની ભલામણ અને ગૃહમંત્રાલયની મંજૂર બાદ કરવામાં આવી હતી.

મળતા અહેવાલ અનુસાર પીડિત મહિલા સીઆરપીએફ કર્મચારીઓના એક ગ્રૂપ દ્વારા ડીઆઈજી ખજાન સિંહ સામે યૌન ઉત્પીડનના આરોપો મૂકાયા બાદ CRPF દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં અપરાધની પુષ્ટી પણ થઈ હતી. તેના પછી સીઆરપીએફએ યુપીએસસીને એક રિપોર્ટ સોંપ્યો હતો. જેના પછી ગૃહ મંત્રાલયે તેમને બરતરફ કરવાની ભલામણ કરી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે CRPFએ અધિકારીના આચરણની તપાસ કરી, કાનૂની પ્રક્રિયાઓનું પાલન કર્યું અને યુપીએસસીને એક રિપોર્ટ સોંપ્યો. તેના પછી યુપીએસસીએ સેવાથી બરતરફ કરવાની સલાહ આપી. ગૃહ મંત્રાલયે પણ આ નિર્ણયને ટેકો જાહેર કર્યો. CRPF એ તેના પછી બરતરફ કરવાની નોટિસ ઈશ્યૂ કરી હતી. CRPFના ચીફ સ્પોર્ટ્સ ઓફિસર તરીકે ફરજ સંભાળતા પહેલા ખજાન સિંહે ૧૯૮૬ના સિયોલ એશિયલ ગેમ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ૨૦૦ મીટર બટરફલાય સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેમની જીતે ૧૯૫૧ બાદથી આ સ્પર્ધામાં ભારતને પ્રથમ મેડલ અપાવ્યો હતો.

# નર્મદા પરિક્રમા કરવા આવેલા ૬૩ વર્ષીય ભક્તનું નિધન થયું

। (એજન્સી) નર્મદા, તા.૨૮ ।

નર્મદા પરિક્રમા કરવા આવેલા ૬૩ વર્ષીય ભક્તનું નિધન થયું છે. નર્મદા પરિક્રમા કરતા સમયે તેમની તબિયત લથડી હતી. તેના પગલે તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમનું ત્યાં નિધન થયું હતું. વડોદરાના માંજલપુરના વતની હરીશ મદનેનું મોત થયું હતું. હરીશ મદને કુટુંબ સાથે નર્મદા પરિક્રમા કરવા આવ્યા હતા. નર્મદા પરિક્રમા કરવા દરમિયાન ૬૩ વર્ષીય ઈસમનું પરિક્રમા દરમિયાન મોત થયું હતું. વડોદરાના માંજલપુરના સુરભિ પાર્કમાં રહેતા ૬૩ વર્ષીય હરીશ મદનેનું નિધન થયું હતું. હરીશ મદને પોતાની પત્ની અને કુટુંબ સાથે નર્મદા પરિક્રમા કરવા આવ્યા હતા. વડોદરા માંજલપુરના સુરભિ પાર્કમાં રહેતા હરીશ મદને કુટુંબ સાથે નર્મદા પરિક્રમા કરવા આવ્યા હતા. પરિક્રમા દરમિયાન તબિયત બગડતા કપિલેશ્વર મંદિર ખાતે આરોગ્ય ટીમ દ્વારા દર્દીની તપાસ કરવામાં આવી હતી. પરિક્રમા દરમિયાન તબિયત બગડતા કપિલેશ્વર મંદિર ખાતે આરોગ્ય ટીમ દ્વારા દર્દીની તપાસ કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# કરોડો ખર્ચીને શ્રીલંકામાં બનાવેલા એરપોર્ટનું સંચાલન ભારતને સોંપાયું

શ્રીલંકાના હંબનટોટામાં આવેલા મટાલા રાજપક્ષે આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સંચાલનની જવાબદારી ભારત અને રશિયાની કંપનીને આપવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયને ચીન માટે જોરદાર ઝટકો માનવામાં આવી રહ્યો છે. આ એરપોર્ટનું નિર્માણ ૨૦૯ મિલિયન અમેરિકન ડૉલરના ખર્ચે કરવામાં આવ્યું છે. એક સમયે ફ્લાઈટના અભાવે આ એરપોર્ટ વિશ્વનું સૌથી નિર્જન એરપોર્ટ ગણાતું હતું. મટાલા એરપોર્ટનું નામ પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દા રાજપક્ષેના નામ પરથી રાખવામાં આવ્યું છે. મહિન્દા રાજપક્ષેના લગભગ એક દાયકા લાંબા શાસન દરમિયાન ઘણા વિશાળ માળખાકીય પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી આ એક છે.

શ્રીલંકાની સરકારના પ્રવક્તા અને મંત્રી બંધુલા ગુણવર્દનેએ જણાવ્યું હતું કે શ્રીલંકાની કેબિનેટે ૯ જાન્યુઆરીએ સંભવિત પક્ષોના ટેન્ડર આમંત્રિત કરવા મંજૂરી આપી હતી. ત્યારબાદ ૫ દરખાસ્તો મળી હતી. કેબિનેટ દ્વારા નિયુક્ત સલાહકાર સમિતિએ ૩૦ વર્ષ માટે ભારતની શૌર્ય એરોનોટિક્સ (પ્રાઈવેટ) લિમિટેડ અને રશિયાની એરપોર્ટ્સ ઑફ રિજન મેનેજમેન્ટ કંપનીને મેનેજમેન્ટ એગ્રીમેન્ટ આપવાનો નિર્ણય લેવાયો હતો. ગુણવર્દનેએ કહ્યું કે કેબિનેટે નાગરિક ઉડ્ડયન અને એરપોર્ટ સેવાઓના મંત્રી દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

ચીને આ પ્રોજેક્ટ માટે ઊંચા વ્યાજ દરે કોમર્શિયલ લોન આપી હતી. આ પ્રોજેક્ટ પર ૨૦૯ અમેરિકન મિલિયન ડૉલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૯૦ અમેરિકન મિલિયન ડૉલરની લોન ચીનની એક્ઝિમ બેંક દ્વારા ઊંચા વ્યાજ દરે આપવામાં આવી છે. શ્રીલંકાની સરકાર ૨૦૧૬ થી આ એરપોર્ટનું સંચાલન કરવા માટે વ્યવસાયિક ભાગીદારની શોધ કરી રહી હતી કારણ કે તેને ભારે નુકસાન થઈ રહ્યું હતું. અહીં મુસાફરોની સંખ્યા ઓછી હોવાને કારણે ફ્લાઈટ્સની સંખ્યા સતત ઘટી રહી છે.

આ ઉપરાંત, આ એરપોર્ટ પર્યાવરણની દ્દષ્ટિએ પણ ખૂબ જ સંવેદનશીલ હતું. સતત ખોટને કારણે એરપોર્ટના નિર્માણ પર સવાલો ઉભા થયા હતા. ઘણા નિષ્ણાતોએ કહ્યું કે આ એરપોર્ટ બનાવીને ચીને શ્રીલંકાને વધુ એક દેવાની જાળમાં ફસાવી દીધું. હવે જોવાનું એ રહેશે કે ભારતીય અને રશિયન કંપનીઓને મેનેજમેન્ટની જવાબદારી મળ્યા બાદ શું બદલાવ આવશે.

## ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન માટે તમામ પાર્ટીઓ પોત-પોતાના પ્રચારમાં લાગેલી છે. આ દરમિયાન નેતાઓની રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ છે. આ વચ્ચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. આસામના ગુવાહાટીમાં મીડિયામાં આપેલા નિવેદનમાં તેમણે કહ્યું કે, ‘વડાપ્રધાન મોદીની વાતોથી એવું લાગે છે કે દેશને આઝાદી ભાજપ સરકાર (૨૦૧૪) બન્યા બાદ મળી છે, તે પહેલા તો દેશ આઝાદ જ નહોતો થયો’ ખડગેએ કહ્યું કે, ‘વડાપ્રધાન મોદી દેશભક્તિની વાતો કરે છે. તેઓ એવું દર્શાવે છે કે દેશભક્તિમાં તેઓ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધીથી પણ આગળ છે. કોંગ્રેસ પાર્ટીએ દેશને આઝાદ કરાવ્યો હતો. ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું. વડાપ્રધાન મોદી રાષ્ટ્રવાદ અંગે ઘણું બોલે છે જેમકે પહેલા નેહરૂ, ઈન્દિરા અને લાલ બહાદૂર શાસ્ત્રી જેવા મોટા નેતાઓએ કંઈ કર્યુ જ નહીં.’ લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન માટે તમામ પાર્ટીઓ પોત-પોતાના પ્રચારમાં લાગેલી છે. આ દરમિયાન નેતાઓની રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ છે. આ વચ્ચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. આસામના ગુવાહાટીમાં મીડિયામાં આપેલા નિવેદનમાં તેમણે કહ્યું કે, ‘વડાપ્રધાન મોદીની વાતોથી એવું લાગે છે કે દેશને આઝાદી ભાજપ સરકાર (૨૦૧૪) બન્યા બાદ મળી છે, તે પહેલા તો દેશ આઝાદ જ નહોતો થયો’ ખડગેએ કહ્યું કે, ‘વડાપ્રધાન મોદી દેશભક્તિની વાતો કરે છે. તેઓ એવું દર્શાવે છે કે દેશભક્તિમાં તેઓ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધીથી પણ આગળ છે. કોંગ્રેસ પાર્ટીએ દેશને આઝાદ કરાવ્યો હતો. ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું. વડાપ્રધાન મોદી રાષ્ટ્રવાદ અંગે ઘણું બોલે છે જેમકે પહેલા નેહરૂ, ઈન્દિરા અને લાલ બહાદૂર શાસ્ત્રી જેવા મોટા નેતાઓએ કંઈ કર્યુ જ નહીં.’

થોડા દિવસ અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રોજગારીનો મુદ્દો ઉઠાવી આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ‘દેશમાં યુવાઓ માટે સૌથી મોટો મુદ્દો રોજગારીનો છે. જો અમારી સરકાર સત્તામાં આવશે તો અમે ‘રોજગાર ક્રાંતિ’ લાવીશું. આ સાથે તેમણે ‘ભારતીય ભરોસો’, ‘પ્રથમ નોકરી પાક્કી’ અને ‘પેપર લીકથી મુક્તિ’ જેવી ગેરંટી આપી છે. ખડગેએ આજે એક્સ (ટિ-્વટર) પર કહ્યું હતું કે, ‘અમારી સરકાર આવશે તો ‘ભારતી ભરોસા’ની ગેરેન્ટી હેઠળ ૩૦ લાખ નોકરીનું સર્જન કરવામાં આવશે. ‘પ્રથમ નોકરી પાક્કી’ની ગેરેન્ટી હેઠળ એપ્રેન્ટિસશીપના અધિકાર દ્વારા દરેક ડિગ્રી/ડિપ્લોમા ધારકને વાર્ષિક રૂપિયા એક લાખના માનદ વેતન સાથે પ્રથમ નોકરીની ખાતરી આપીશું.’ આ ઉપરાંત ખડગેએ ‘પેપર લીકથી મુક્તિ’ના મુદ્દાનો ઉલ્લેખ કરી લખ્યું હતું કે, ‘અમારી સરકાર આવશે તો કોંગ્રેસ નોકરી માટેની પરીક્ષામાં થતા પેપર લીકના મુદ્દાનો નિવેડો લાવવા અને પીડિતોને નાણાંકીય વળતર આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરશે. તેમણે ‘યુવા રોશની’ ગેરેન્ટી હેઠળ કહ્યું કે, કોંગ્રેસ સ્ટાર્ટ-અપ માટે ફંડ ઓફ ફંડ્સ યોજનાની રચના કરશે અને ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓને લાભ મળી શકે તે માટે દેશના તમામ જિલ્લાઓમાં સમાન ફંડ ૫૦ ટકા, ૫૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીશું.’ ખડગેએ આજે એક્સ (ટ્વિટર) પર કહ્યું હતું કે, ‘અમારી સરકાર આવશે તો ‘ભારતી ભરોસા’ની ગેરેન્ટી હેઠળ ૩૦ લાખ નોકરીનું સર્જન કરવામાં આવશે. ‘પ્રથમ નોકરી પાક્કી’ની ગેરેન્ટી હેઠળ એપ્રેન્ટિસશીપના અધિકાર દ્વારા દરેક ડિગ્રી/ડિપ્લોમા ધારકને વાર્ષિક રૂપિયા એક લાખના માનદ વેતન સાથે પ્રથમ નોકરીની ખાતરી આપીશું.’

**હે રાવણ ૨૧વાર જેણે પૃથ્વીને નિઃક્ષત્રિય કરી હતી એવા ભગવાન પરશુરામ પણ જેના બળને માની ગયાં એવા પ્રભુ શ્રીરામને તું નિર્બળ કહે છે?**

# સદગુરુ ચરણોમાં અંગદ જેવો વિશ્વાસ રાખી બેસી જઈએ તો રાવણ તત્વ પણ હરાવી શકે નહીં!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે કોઈના સેવક બનીએ,કે દાસ બનીએ, કે પછી કોઈને ઇષ્ટ માનીએ, તો સર્વ પ્રથમ તો એનામાં આપણને પૂર્ણપણે વિશ્વાસ હોવો જોઈએ કે, હવે તે મારા જીવનની દોર સંભાળી લેશે, અને હવે મારે જીવનમાં કોઇ ચિંતા કરવાની રહેતી નથી. પૂર્ણ વિશ્વાસ હોય તો જ શ્રદ્ધા કામ કરે છે,**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયમાં ધર્મ અધર્મ, અને હિંસા-અહિંસા ને લઈને જે પ્રશ્નો ઊભા થયા છે, અને એમાંથી બહાર આવવા સહયોગી થઈ શકે, કે પછી જેના ચરિત્ર માંથી પ્રેરણા લઈને જીવાય તો સમાજમાં શાંતિ બની રહે, એવાં ચરિત્ર વિશે આપણે ચરિત્રની ઓળખમાં વાત કરીએ છીએ. હિન્દુ સંસ્કૃતિમાં ઉત્સવ ઉજવણી ને જ લોકોએ ધર્મ માની લીધો છે. આપણે ત્યાં એવું છે કે જેની સાથે મિત્રતા પણ ન થઈ શકે, અને દુશ્મનાવટ પણ કરવી મોંઘી પડે એની સાથે આળપંપાળ કરી લેતાં હોઈએ છીએ,બસ એ જ રીતે આજે બધા ધર્મ નિભાવે છે, કે પૂજા કરતા હોય છે. પૂજવા કરતાં પણ જે તે દેવને પૂજી રહ્યા છીએ, તેના ચરિત્રને પકડવું બહુ જરૂરી હોય છે,તો જ એમાં વિશ્વાસ બેસે,અને શ્રદ્ધા રુપે આપણે શુદ્ધ પ્રેમ એ ચરણોમાં રાખી શકીએ. તો આજે આપણે જેણે પોતાના પૂર્ણ વિશ્વાસથી દુશ્મનના રાજ્યમાં પ્રભુ શ્રી રામની પ્રતિષ્ઠા અકબંધ રાખી હતી, એવા અંગદ ચરિત્ર પર વાત કરીશું.

અંગદનો પાત્ર પરિચય તરીકે તો એ મહાબલિ વાલી અને તારાનો પુત્ર હતો, અને બલવાન પિતાના ગુણો વારસામાં અંગદને મળ્યા હતાં, તે પણ મહાયુદ્ધ હતો, અને શક્તિશાળી હતો, અને એટલે જ સુગ્રીવનાં મંત્રીમંડળનું મહત્વનું પદ પ્રાપ્ત થયું હતું, અને ભગવાન શ્રી રામની સેનાનાં મુખ્ય પાત્ર માનું એક હતો. પરંતુ રામાયણમાં અંગદના પાત્રને રામ દૂત તરીકે યાદ કરવામાં આવે છે. પ્રભુ શ્રી રામ યુદ્ધ પહેલા હજી એક વાર રાવણને મોકો આપવા ઈચ્છે છે. તેને રાવણ સાથે કોઈ દુશ્મનાવટ નથી, પરંતુ રાવણતત્વ સામે વિરોધ હતો. એટલે થયું કે રાવણ માની જાય તો આટલી મોટી હિંસાથી બચી શકાય! અંગદને ભગવાન શ્રીરામ કહે છે કે, વાલી અને રાવણ વચ્ચે મિત્રતા હતી, માટે તું લંકામાં જઈ અને રામ દૂત તરીકે હજી એક વાર સમાધાનનો પ્રસ્તાવ મુકી જો.

અંગદ લંકાના દરબારમાં આવે છે, અને પ્રભુ શ્રીરામ એ કહ્યું તેમ કહે છે કે, હે લંકા પતિ રાવણ! હું પ્રભુ શ્રીરામનો દૂત છું અને ભગવાને મને સમાધાનની ચેષ્ટા કરવા માટે મોકલ્યો છે. એમણે કહ્યું છે કે હજી પણ સમય છે, સીતાને પાછી આપી દો અને યુદ્ધ થતું અટકાવો. ત્યારે રાવણ અને અંગત વચ્ચે ચર્ચા રૂપે ખૂબ લાંબો સંવાદ થાય છે, અને જે મહાબલિ વાલીએ રાવણને છ મહિના સુધી બગલમાં દબાવી અને પૃથ્વી પર ફેરવ્યો હતો, એ વાલીની તાકાતથી તે પરિચિત હતો, છતાં અંગદને ઉશ્કેરવા માટે કહે છે કે, એમ તું વાલીનો પુત્ર છે! તારા પિતા કુશળ તો છે ને! હકીકતમાં રાવણ જાણતો હતો કે વાલીનું મૃત્યુ થયું છે, અને એ પણ પ્રભુ શ્રીરામના હાથે, એટલે તે અંગદને ઉશ્કેરવા માંગતો હતો. પરંતુ અંગદ પણ બુદ્ધિશાળી હતો, એણે કહ્યું કે મારા પિતાની કુશળતા તું મને શું કામ પૂછે છે? દસ દિવસ પછી તું પણ ઉપર જવાનો છે, ત્યાં જ તું મારા પિતાની કુશળતા એને જ પૂછી લેજે! અને રાવણ ક્રોધિત થઈ જાય છે. તે કહે છે કે મારી સામે યુદ્ધ કરવા વાળું કોણ છે? મેં ભગવાન શંકર સહિત કૈલાસને ઉપાડયું છે! મારી ભુજાઓમાં અતૂટ બળ છે, મને કોણ મારી શકે? આ પૃથ્વી પર કોઈ એવો પેદા નથી થયો જે મને હરાવી શકે. રામ તો પત્ની વિરહમાં સૂકાતા જાય છે, અને લક્ષ્મણ રાંક છે, જાંબુવંત ડોસલો થઈ ગયો છે, સુગ્રીવમાં કોઈ કસ રહ્યો નથી, વિભીષણ ભીખારી છે, અને હાં! એક સશક્ત વાનર તેની સેનામાં છે, જે લંકા બાળી ગયો હતો, બાકી બધાં જ નિર્બળ છે, મારી સામે કોઈ ટકી શકે તેમ નથી. ત્યારે અંગદ કહે છે હે રાવણ ૨૧વાર જેણે પૃથ્વીને નિઃક્ષત્રિય કરી હતી એવા ભગવાન પરશુરામ પણ જેના બળને માની ગયાં એવા પ્રભુ શ્રીરામને તું નિર્બળ કહે છે? તું ખરેખર મૂર્ખ થયો છે, મૃત્યુ તરફ તારી ગતિ કરી રહી છે, એટલે જ તને આ બધું દેખાતું નથી. ત્યારે રાવણને કહ્યું કે રામ તો મગતરુ છે, તેને તો હું ક્ષણવારમાં પતાવી દઉં! અંગદ એ કહ્યું કે મને પ્રભુ શ્રીરામનો આદેશ નથી, નહીં તો હમણાં અત્યારે જ બતાવી દઉં, કે કોણ બળવાન છે, અને છતાં રાવણ રામની સેનાની નિર્બળતાને દર્શાવી દર્શાવીને અંગદને ઉશ્કેરી રહ્યો હતો.એટલે અંગદે કહ્યું કે પોતાની શક્તિનો એટલો અહંકાર હતો તો સીતાને શું કામ ચોરી ગયો! અને ક્રોધિત થઈને પોતાના બે હાથની મુષ્ટીકા જમીન પર પછાડી, અને સમસ્ત સભા હલબલી ગઈ, અને અંગદએ પોતાનો પગ થાંભલા જેમ જમીન પર રાખતાં કહ્યું કે, કોનામાં કેટલું બળ છે? એ તો યુદ્ધ સમયે સમજાશે. પરંતુ અત્યારે જો મારો આ પગ તારી આ સભામાંથી કોઈ અહીંથી તસુભાર પણ જો હલાવી શકે, તો તું જીત્યો,અને અમે એટલે કે પ્રભુ શ્રી રામ હાર્યા! અંગદ મનોમન ભગવાન શ્રીરામને પ્રાર્થના કરે છે કે,હે પ્રભુ તું બોલાવે તેમ હું બોલું છું, હવે મારા વિશ્વાસની લાજ રાખવી એ તારું કર્મ છે! અને આપણે સૌ જાણીએ છીએ કે, શૂરવીરોથી ભરેલી એ સભામાંથી કોઈ એટલે કોઈ અંગદનાં થાંભલા જેવા પગને તસુભાર પણ હટાવી શક્યું નહીં, અને આશ્ચર્યની વાત તો ત્યાં છે કે હજી રાવણ સમજ્યો નહીં કે, હું કોનો મુકાબલો કરવા જઈ રહ્યો છું!! ખેર એ પણ તો હરિ લીલા હતી, અને બસ ત્યારથી અટલ વિશ્વાસની વાત આવે એટલે અંગદ યાદ કરવામાં આવે છે, અને અંગદ વિશ્વાસ એ શબ્દ તરીકે પણ પ્રયોજાય છે.

આપણે કોઈના સેવક બનીએ,કે દાસ બનીએ, કે પછી કોઈને ઈષ્ટ માનીએ, તો સર્વ પ્રથમ તો એનામાં આપણને પૂર્ણપણે વિશ્વાસ હોવો જોઈએ કે, હવે તે મારા જીવનની દોર સંભાળી લેશે, અને હવે મારે જીવનમાં કોઇ ચિંતા કરવાની રહેતી નથી. પૂર્ણ વિશ્વાસ હોય તો જ શ્રદ્ધા કામ કરે છે, નહીં તો શ્રદ્ધાની નાવ હાલકડોલક થઈ શકે, અને ક્યાંક અશ્રદ્ધા રૂપે અને ક્યાંક અંધશ્રદ્ધા રૂપે પણ જન્મ લેતી જોવા મળે. ભગવાન શંકરને પરમ વિશ્વાસ અને મા ભવાની જગદંબાને શ્રદ્ધા સાથે તુલસીદાસજીએ સરખાવ્યા છે, અને એ બંને ના મિલનથી જ રામકથાનો જન્મ થાય છે. આપણે કોઈના સેવક બનીએ,કે દાસ બનીએ, કે પછી કોઈને ઈષ્ટ માનીએ, તો સર્વ પ્રથમ તો એનામાં આપણને પૂર્ણપણે વિશ્વાસ હોવો જોઈએ કે, હવે તે મારા જીવનની દોર સંભાળી લેશે, અને હવે મારે જીવનમાં કોઇ ચિંતા કરવાની રહેતી નથી. પૂર્ણ વિશ્વાસ હોય તો જ શ્રદ્ધા કામ કરે છે, નહીં તો શ્રદ્ધાની નાવ હાલકડોલક થઈ શકે, અને ક્યાંક અશ્રદ્ધા રૂપે અને ક્યાંક અંધશ્રદ્ધા રૂપે પણ જન્મ લેતી જોવા મળે. ભગવાન શંકરને પરમ વિશ્વાસ અને મા ભવાની જગદંબાને શ્રદ્ધા સાથે તુલસીદાસજીએ સરખાવ્યા છે, અને એ બંને ના મિલનથી જ રામકથાનો જન્મ થાય છે.

સંસારીઓ માટે આ ભોગથી ભરેલો ભવસાગર પાર કરી અને મુક્તિ સુધી પહોંચવું એ કઠીન લાગે છે. પરંતુ કોઈનું શરણું મળી જાય તો આપણો બેડો પાર થઈ જતો હોય છે. ભગવાનની અપરંપાર કૃપા પોતાના ભક્તો પર હંમેશા વરસતી હોય છે, અને એ હિસાબે આપણે કોઈને કોઈનું, શરણું પ્રાપ્ત કરી શકીએ એવા બુદ્ધ પુરુષનો જીવનમાં ભેટો પણ થતો હોય છે. પરંતુ આપણો વિશ્વાસ નબળો પડતાં, આપણે આપણું કાર્ય સાર્થક થતા ત્યાંથી નીકળી જતા હોઈએ છીએ, અને એટલે આ ભોગની માયાજાળમાં વધુને વધુ અટવાઈને, જીવનને જટિલ કરતા જઈએ છીએ. પૂર્ણ વિશ્વાસ એટલે કે ભરોસા વગર શરણાગતિ સિદ્ધ થતી નથી, અને શરણાગત થયા વગર સકલ બ્રહ્માંડના સારને પામી શકાતો નથી. તો આપણે અઢી અક્ષરના આ પ્રેમ રુપ પરમાત્માને પામવા માટે કોઈ સદગુરૂનું શરણ પકડી, તેના ચરણોમાં શરણાગતિ સ્વીકારીએ, અને એ આપણી જીવન નાવને તે યોગ્ય દિશામાં હંકારશે એવો ભરોસો કે વિશ્વાસ રાખીને, ભવસાગર પાર કરી શકીએ, મૃત્યુ પહેલાં મુક્તિને પામી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**હું તો મંત્રરહિત,ક્રિયારહિત,ભક્તિરહિત છું. મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને ચારા કર્મને પરિપૂર્ણ માનજો.**

# ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્ ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્ ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શ્રાવણ મહિનો આવ્યો. લક્ષ્મીજી એ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી.**

ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્
ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્
ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્
ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !!

ભગવાનને કહેવાનું કે પ્રભુ,હું નથી મંત્ર જાણતો,નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો. હું તો મંત્રરહિત,ક્રિયારહિત,ભક્તિરહિત છું. મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને ચારા કર્મને પરિપૂર્ણ માનજો. સત્કર્મ કર્યા પછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી. કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે. હૃદયથી નમશો તો ભગવાનને ગમશો. દૈત્યનો પ્રભાવ તો જુઓ! બલિમાં દૈત્ય આવ્યું એટલે સેવ્ય હતા તે સેવક બન્યા. ભગવાન એને ત્યાં દ્વારે દ્વારે પહેરો ભરવા તૈયાર થયા.જેની એક-એક ઈન્દ્રિય પર પ્રભુનો પહેરો રહે એને પછી કઈ વાતની ચિંતા? એને પછી દુઃખ શું? ભય શું? એક વખત રાવણ ફરતો ફરતો પાતાળમાં બલિ સામે લડવા આવ્યો. તેણે વામનને દ્વારે પહેરો ભરતા જોયા. રાવણે કહ્યું, મારે બલિ સાથે યુદ્ધ કરવું છે. વામનજીએ કહ્યું, હું તો સેવક છું. પહેલાં મારી સાથે લડ! પછી મારા માલિક સાથે! રાવણ એટલે કામનું પ્રતીક. પ્રભુ સાથે લડવાનું એનું શું ગજું? લડવા ગયો ત્યાં વામન ભગવાને રાવણની છાતી ઉપર લાત મારી ને સમુદ્રકિનારે જઈ પડયો.રાવણ એ કામ છે. તમારા ઈન્દ્રિય દ્વારે ભગવાન પહેરો ભરે, તો તેમાં કામ પ્રવેશ કરી શકે નહીં. બલિરાજાને ત્યાં વામન ભગવાન દાન લેવા ગયા, અને દાન લઈ તેને ઘરે પહેરો ભરવો પડયો! જેદાન લે તે બંધનમાં પડે છે. દાન લેનારની પણ મોટી જવાબદારી છે. મહાલક્ષ્મી ઘરમાં એકલા છે. તેમને નારાયણ વગર ચેન પડતું નથી. ક્યારે આવશે?ક્યાં હશે? અકળાઈને નારદજીને પૂછ્યું, સાભળી લક્ષ્મીજી દોડતાં સૂતળ પાતાળમાં આવ્યાં.ઘરમાં ઠાકોરજી ને પધરાવશો તો લક્ષ્મીજી પાછળ પાછળ વગર આમંત્રણે આવશે. લક્ષ્મીજીએ બ્રાહ્મણ પત્નીનો વેશ લીધો. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું કે, હું તારી ધર્મની ભભગની. તું મારો ધર્મનો ભાઈ. બિલને આનંદ થયો. બલિરાજાને પ્રણામ કર્યા. કહે કે, ક્યારનું મનમાં મને એક દુઃખ હતું કે, જગતમાં મારે કોઈ બહેન નથી. સારું થયું મને બહેન મળી! પણ માતાજીનો જીવ વલોવાઈ જાય છે. દ્વારિકાનાથ હાથમાં લાકડી લઈ સિપાઈ જેમ પહેરો ભરે છે! શ્રાવણ મહિનો આવ્યો.લક્ષ્મીજી એ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી. બલિરાજા પ્રણામ કરે છે ને વિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો.

શ્રાવણ મહિનો આવ્યો. લક્ષ્મીજીએ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી. બલિરાજા પ્રણામ કરે છે અને વિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો. .લક્ષ્મીજીએ કહ્યું, મારા ઘરમાં બધું છે, પણ એક નથી. આ તારે ત્યાં જે પહેરો ભરે છે તે જોઈએ. તેને તું મુક્ત કર! બલિરાજા પૂછે છે, તે તમારા શું સગા થાય? લક્ષ્મીજીએ જવાબ આપ્યો. એ મારા નારાયણ છે. ત્યાં નારાયણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા છે. માતા મહાલક્ષ્મી નારાયણ સાથે વૈકુંઠ ધામમાં શ્રાવણ સુદ પૂનમનાં રોજ પધાર્યા તેથી રામાનુજાચાર્ય પંથના મંદિરોમાં તે દિવસે પાટોત્સવ કરવાનો રિવાજ છે. આ રીતે લક્ષ્મીજી દાન લઈને બંધનમાં પડેલા પ્રભુને છોડાવે છે. દાન સ્વીકારીને પ્રભુ ઋણમાં આવી ગયા અને દ્વારપાળ બનવું પડયું, તો સામાન્ય માનવીનું દાન લેવાથી શું થતું હશે તેનો વિચાર કરો. દાન લેવું એ ઘણી મોટી જવાબદારી છે. જવાબદારીની પાત્રતા હોય તે દાન લઈ શકે. વામનચરિત્રની આ કથા પરમ પવિત્ર છે. પિતૃ તિથિના દિવસે આ વામન ચરિત્રનો પાઠ કરવામાં આવે તો પિતૃઓને સદ્‌ગતિ મળે છે. હવે શરણાગતિની કથા શરૂ થાય છે. સત્યવ્રત મનુ મહારાજ કૃતમાલા નદીને કિનારે તપશ્ચર્યા કરતા હતા. ત્રિવેન્દ્રમથી દૂર આ નદી છે. અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરી. એકવાર નદીમાં ઊભા રહી તેઓ જળ તર્પણ કરતા હતા. જળતર્પણ કરતાં એક વખત મનુ મહારાજના હાથમાં માછલું આવ્યું. તેને તેમણે છોડી દીધું.ત્યારે માછલાએ કહ્યું, હું તમારા હાથમાં આવ્યું, એટલે તમારા શરણે આવ્યું કહેવાઉ. હવે તમે મને છોડી દેશો તો મોટા માછલાં મને મારી નાંખશે. માટે મારું રક્ષણ કરો. મહારાજે તેને કમંડળમાં રાખ્યું.એમ કરતાં માછલું મોટું થયું. માછલું કહે કે,મને વિશાળ જગ્યામાં રાખો મોટી જગ્યામાં રાખ્યું તો ત્યાં વિશાળ સ્વરૂપ ધારણ કર્યુ. સત્ય વ્રતને આશ્ચર્ય થયું કે, નક્કી આ માછલું સાધારણ નથી, કોઈ ચમત્કારિક લાગે છે. માછલું એ વૃત્તિ છે. વૃત્તિ નાનેથી મોટી થાય છે, છતાં તે બ્રહ્માકાર ન થાય ત્યાં સુધી શાંતિ નથી જીવ ભલે દુઃખી થાય,ઈશ્વરને દુઃખ થતું નથી. ઈશ્વર તો સાક્ષી છે,દ્રષ્ટા છે, કર્તા નથી ને ભોક્તા પણ નથી. ઈશ્વર પ્રકાશ છે. દીવાના પ્રકાશે કોઈ ભાગવતનો પાઠ કરે કે કોઈ ચોરી કરે,પણ દીવાને તેના પ્રત્યે ભાવ કે કુભાવ નથી. દીવાનો એક જ ધર્મ છે.સર્વને પ્રકાશ આપવાનો પ્રકાશને કોઈની સાથે સંબંધ નથી. તેવી રીતે પરમાત્મા સર્વના હૃદયમાં રહી દીવાની જેમ પ્રકાશ આપે છે. જીવ પાપપુણ્ય કરે તેની અસર સાક્ષી પરમાત્માને થતી નથી. ઈશ્વર ન કહેવાય નિષ્ઠુર અને ન કહેવાય દયાળુ.તે બધા ગુણધર્મથી પર છે. ઈશ્વરમાં કોઈ ધર્મ નથી. ઈશ્વર આનંદરૂપ છે,સર્વવ્યાપક છે. પરમાત્મા બુદ્ધિ થી પર છે. બુદ્ધિમાં પ્રકાશ ઈશ્વર આપે છે. ઈશ્વરને પ્રકાશ આપનાર કોઈ નથી. ઈશ્વર સ્વયં પ્રકાશ છે. ઈશ્વર સિવાય સર્વ પર-પ્રકાશિત છે. જ્ઞાની પુરુષો તે સ્વરૂપનો અનુભવ કરતાં બ્રહ્માકારવૃત્તિ ધારણ કરે છે. વૃત્તિ જ્યારે શ્રીકૃષ્ણાકાર,બ્રહ્માકાર બને, ત્યારે જ શાંતિ મળે છે. ઈશ્વર વિના બધું અલ્પ છે, તેથી કોઈ પણ વૃત્તિમાં મનોવૃત્તિ શાંત થતી નથી. લાકડાંમાં અગ્નિ છેપણ તે અગ્નિનો ઉપયોગ સ્વતંત્રપણે થઈ શકતો નથી. લાકડાંમાં રહેલા અગ્નિ ઉપર બહારનો લૌકિક અગ્નિ મૂકો ત્યારે ભડકો થશે. સ્વયં પ્રકાશ પરમાત્મા સર્વના હૃદયમાં રહી માત્ર પ્રકાશ જ આપે છે, બીજું કાંઈ કરતા નથી. મનને માછલાંની ઉપમા આપવામાં આવે છે. મત્સ્યનારાયણે કહ્યું, રાજા, તારું કલ્યાણ કરવા જ આવ્યો છું. આજથી સાત દિવસ પછી પ્રલય થવાનો છે. પ્રલયમાં સર્વનો નાશ થશે, પણ હું તારું રક્ષણ કરીશ. મારા ભીંગડામાં તારી નાવડી બાંધી દેજે! સત્યવ્રતે મત્સ્યનારાયણનું શરણું લીધું કે હું આપને શરણે આવ્યો છું. આપ મને ઉગારો! મત્સ્યનારાયણ એ ગુરુ સ્વરૂપ છે. તેઓ સત્યવ્રતને પ્રલયમાંથી ઉગારે છે. આમ, આઠમા સ્કંધમાં સંતોના ચાર ધર્મ બતાવ્યા આપત્તિમાં ભગવાનનું સ્મરણ જેમ ગજેન્દ્ર કર્યું તેમ કરવું સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું જેમ બલિરાજાએ કર્યું તેથી વાસનાનો ક્ષય થાય છે વિપત્તિમાં પણ વજન ભંગ ન કરવો વચન ગમે તે ભોગે પાડવું જેમ બલિરાજાએ પાડ્યું સર્વ અવસ્થામાં ભગવાનનું શરણું જેમ સત્ય વ્રત મત્સ્ય નારાયણને શરણે થાય જાય છે તેમ સંતોના ચાર ધર્મો જો માનવી જીવનમાં ઉતારે તો વાસના ઉપાસના બને છે.

# અનેક બીમારીનો છે રામબાણ ઈલાજ, આ રીતે કરવો ઉપયોગ



કેરી ખાઈ ગોટલીને ફેંકી ન દેતા, કેરી ખાઈને ગોટલી ફેંકી દેવાની સૌને ટેવ છે. પરંતુ કેરીની ગોટલી સ્વાસ્થ્ય માટે ઘણી લાભદાયી છે. કેરીની ગોટલીનો વિવિધ રીતે ઉપ યોગ કરી શકાય છે. કેરીના ઝાડમાં તેના ફળ સાથે બધા અંગ માં ઔષધીય ગુણ હાજર છે. વાસ્તવમાં કેરીનું આખું ઝાડ ઔષધીય ગુણ ધરાવતો ખજાનો છે. આથી જ આદિવાસીઓ દ્વારા વર્ષો પહેલાં કેરીની ગોટલીનો ઉપયોગ ઔષધી તરીકે કરવામાં આવતો હતો. તાજી લીલા કેરીના બીજ એટલે કે ગોટલીને સુકવીને દળીને તેનું ચૂર્ણ તૈયાર કરી લો આ ચૂર્ણમાં સ્વાદ અનુસાર કાળું મીઠું અને જીરા પાવડર મિક્સ કરી તેને ઉપયોગમાં લેવામાં આવે તો અપચાં જેવી તકલીફમાં જલ્દીથી આરામ મળી જાય છે. આ નુસખાને બે કે ત્રણ દિવસ સુધી સતત કરવામાં આવે તો આ સમસ્યાથી તરત જ આરામ મળી જાય છે આ ઉપરાંત ચૂર્ણને દહીં સાથે મિક્સ કરીને પીવાથી અતિસારમાં પણ આરામ મળે છે. ટાલીયાપણુ અને સફેદ વાળથી છુટકારો મેળવી શકાય છે. કેરીની ગોટલીમાં આવેલ તેલમાં ફેટી એસિડ,મિનરલ્સ અને વિટામિન થી ભરપૂર હોય છે. ગોઠવી નું તેલ ઘરે જ કાઢી શકાય છે તેના માટે ગોટલીને ૧૦ થી ૧૨ દિવસ સુકવીને ઝીણું દળી કપડાથી ચાળીને નારિયેળના તેલમાં મિક્સ કરી લો. આ તેલને ૨૦ થી ૨૫ દિવસ સુધી માથામાં નાખવાથી ટાલીયાપણુ અને સફેદ વાળથી છુટકારો મેળવી શકાય છે. આ ઉપરાંત વાળમાં થતી જુથી પણ છુટકારો મેળવી શકાય છે. તેના માટે ગોટીના પાવડરમાં લીંબુનો રસ મેળવીને માથામાં નાખવાથી જુ ભાગી જાય છે. કેરીની ગોટલીનું નિયમિત સેવન કરવાથી હાઈ બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ લેવલ ઓછું થાય છે. કેરીની ગોટલી બ્લડ સર્ક્યુલેશનને યોગ્ય રીતે કરીને કોલેસ્ટ્રોલ લેવલની નિયંત્રણ કરવા મદદ કરે છે.

# કેસુડાની દરેક વસ્તુ ધરાવે છે ઔષધીય ગુણ

## શિયાળા બાદ પાનખર ઋતુ આવે ત્યારે જ કેસુડાના વૃક્ષ પર ફૂલ આવે છે




કેસુડાના પત્તા, મૂળ અને ગુંદરનો ઉપયોગ આયુર્વેદિક દ્રષ્ટિએ અનેક બીમારીઓમાં ખૂબ જ ફાયદાકારક હોવાનો ઉલ્લેખ કરાયો છે. કેસુડો અથવા ખાખરો તરીકે ઓળખાતા વૃક્ષને હિન્દીમાં પલાશ તરીકે ઓળખવામાં આવે છે. ઈંગ્લીશમાં અને ફ્લેમ ઓફ ધ ફોરેસ્ટ પણ કહેવામાં આવે છે. કારણ કે, ઉનાળાની ઋતુમાં આની પર ઉગતા ચટાકેદાર લાલ કલરના ફૂલના કારણે જંગલમાં આગ લાગી હોય, તેવો સીન ઉભો થાય છે. તેના મૂળ અને ગુંદરનો ઉપયોગ બીમારીમાં કરવામાં આવે છે. આ ઉપરાંત તેના પત્તા બીજ ફૂલ, ડાળી વગેરેનો પણ ઔષધિ ઉપયોગ કરવામાં આવે છે. આ વખતે આપણે જાણીશું કે, કેસુડાના મૂળ અને ગુંદરના મદદથી કઈ બીમારી દૂર કરી શકાય છે. કેસુડાના મૂળના અનેક ઔષધિય ઉપયોગ આવેલા છે, જેમાંથી તેનો ઉપયોગ હાથી પગ જેવી બીમારીમાં કરવામાં આવે છે. આ બીમારી માટે કેસુડાના મૂળના રસને સરસોના તેલ સાથે વાપરવાથી ફાયદો થાય છે. આ ઉપરાંત કેસુડાના ફૂલની જેમ તેના મૂળનો ઉપયોગ નાઈટ બ્લાઈન્ડને દૂર કરવા માટે પણ કરવામાં આવે છે, જેમાં મૂળનો રસ કાઢીને રાત્રીના સમયે આંખમાં આંજણની જેમ આંજવાનું હોય છે. કેસુડાના પાંચેય અંગ જેવા કે, પત્તા, મૂળ, ફૂલ, સીડ્સ અને છાલના ઉપયોગથી પંચાંગ બનાવવામાં આવે છે. આ પંચાંગનો ઉપયોગ મધ સાથે રક્તપિત જેવી બીમારીમાં કરવામાં આવે છે. કેસુડાના ઝાડના ગુંદરનો ઉપયોગ શક્તિવર્ધક તરીકે કરવામાં આવે છે. આ ગુંદરનો મોટાભાગે ખાવામાં ઉપયોગ કરવામાં આવે છે. આ ગુંદરને મીઠાઈ બનાવતી સમયે ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત કેસુડાના ઝાડમાંથી ક્ષાર બનાવવામાં આવે છે, જેનો ઉપયોગ પથરી અને મેન્ચ્યુઅલ ડીસઓડર જેવી તકલીફોમાં કરી શકાય છે. આ ઉપરાંત અનેક ઔષધિય ઉપયોગ આવી લે છે, જે આયુર્વેદિક દ્રષ્ટિએ કરવામાં આવે છે. કેસુડાના વિવિધ ભાગની દવા પણ બજારમાં ઉપલબ્ધ છે. જોકે તેનો ઉપયોગ કરતા પહેલાં ડોક્ટરની સલાહ લેવી ખૂબ જ જરૂરી છે. કાળીજીરી કટુ પૌષ્ટિક ઔષધ ગણાય છે.નાના બાળક માટે બનાવાતી પાચનની ફાકીમાં હરડે, ઈન્દ્રજવ, કાંચકા,કાળીજીરી, સંચળ વગેરે નાખવામાં આવે છે.આ દવાઓમા પાચક અને વાયુનાશક ઓસડિયા હોય છે. તે પ ૈકીની કાંચકા ઈન્દ્રજવ અને કાળીજીરીમા કૃ મિનાશક ગુણ હોવાથી નાના બાળકને દૂધથી થતા કૃમિનો નાશ થાય છે.કડવા ઓસડ લાબો સમય લેવાથી જીવનશક્તિ નો હ્રાસ થાય છે.પરંતુ તેનાથી ઊલટું કાળીજીરી મા પૌષ્ટીકતાના ગુણને લીધે તે સ્વાસ્થ્ય માટે લાભકારક છે.મોટા માણસને પણ જો કૃમિ થયા હોય તો શેકેલી કાળી જીરીનો ભૂકો ગોળ ખાઈને દસેક મિનિટ પછી ખાવાથી કૃ મિનો નાશ થાય છે.વળી દેશી ઓસડીયા હ્યુમન ફ્રેન્ડલી હોવાથી તે સિસ્ટમને નુકસાન પહોંચાડયા સિવાય કૃમિને મારે છે.વળી તેની કિંમત પણ એટલી ઓછી છે કે લગભગ ૧૦૦જેવી કિંમતમાં આખો મહિનો ચાલે તેટલી કાળીજીરી તૈયાર થઈ શકે. પાનખર ઋતુમાં ખાખરના વૃક્ષના પાન ખરી જતા હોય છે. તેનાં પર કેસરી ફૂલ લાગતાં જ આ ખાખરાનું વૃક્ષ- કેસુડો સોળે શણગાર સજીને ખીલી ઉઠીને વનની શોભા વધારે છે. અંતરિયાળ વિસ્તારોમાં કેસુડાના વૃક્ષો જોવા મળતા હોય છે. શિયાળા બાદ પાનખર ઋતુ આવે ત્યારે જ કેસુડાના વૃક્ષ પર ફૂલ આવે છે અને કેસુડો કેસરી ફૂલોથી સુશોભિત થતો હોય છે. સમગ્ર વનનાં માથે કેસરિયો મુગટ બની રહી વનની શોભા વધારતો હોય છે. પાનખરમાં વૃક્ષ પરથી ફૂલો અને પાંદડા ખરી પડતા હોય છે. પરંતુ કેસુડાના વૃક્ષ પર ફૂલ ખીલતા હોય છે. કેસુડાના ફૂલને સુકવીને તેનો પાવડર બનાવવામાં આવે છે. તે પાવડરનો સ્નાન કરતી વખતે અથવા તો મોં ધોતી વખતે ઉપયોગ કરવામાં આવે તો ત્વચા પણ ખીલી ઉઠે છે. ઉપરાંત કોઈપણ પ્રકારનો ચામડીનો રોગ ઉદભવતો નથી. કેસુડાને ત્વચા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઔષધીય નિષ્ણાતો માને છે કે, ડાયાબિટીસના દર્દીઓ માટે પણ કેસુડો ખૂબ જ ફળદાયી સાબિત થતો હોય છે.

# ઉનાળાની સીઝનમાં કેવો ખોરાક લેવો જોઈએ અને કેવો નહીં?



ગરમીની સીઝન દરમિયાન એવું શું ઘરગથ્થુ ઉપાય કરવા જોઈએ કે, જેથી લૂ લાગવાની શક્યતા ઓછી રહે તો તેમાં સૌપ્રથમ ગરમી વખતે તમસ યુક્ત ભોજન ન કરવું જોઈએ. અતિશય મસાલા યુક્ત ભોજન અથવા તો મેંદાની બનાવટો, જેમાં પીઝા, બર્ગર જે આજકાલ ફાસ્ટ ફૂડ મોટા ભાગે ચાલે છે, તેને ગરમીમાં ટાળવું જોઈએ. ખાસ કરીને આ ખોરાક રાત્રીના સમયે ન લેવા જોઈએ અને દિવસે પણ એક લિમિટમાં લેવા જોઈએ. આવા ખોરાકની દાહકતા ગરમીમાં ખૂબ જ વધી જાય છે. આથી જ શીતળતા માટે આ ખોરાકને ન લેવો જોઈએ. હાલમાં દેશના અનેક વિસ્તારોમાં તાપ માન વધી રહ્યું છે. ઉનાળાની ઋતુમાં ખાવા-પીવામાં ખૂબ કાળજી લેવી પડે છે. થોડી બેદરકારી તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. ત્યારે આણંદના યોગાચાર્ય જયનાબેન પાઠકે ગરમીની સીઝનમાં કઈ વસ્તુઓ ખાવી જોઈએ, કઈ વસ્તુઓ ન ખાવી જોઈએ તે અંગે માહિતી આપી છે. મનુષ્ય વર્ષોથી પ્રકૃતિ સાથે એક નિજીના તો રહેલો છે. કારણ કે, પ્રકૃતિનું અન્શ જ માનવ છે. માનવનું શરીર પંચમહાભૂતનું બનેલું છે. આથી જ પંચમહાભૂતમાં જે કાંઈ પણ ઈફેક્ટ થાય, તેની સીધી ઈફેક્ટ માનવના શરીર પર જોવા મળે છે. હાલમાં ચાલી ચાલી રહેલી ગરમીની સીઝન દરમિયાન ખાનપાનની બાબતમાં શું ધ્યાન રાખવું તે અંગે આણંદના યોગાચાર્ય જયનાબેન પાઠકે માહિતી આપી છે. ગરમીની ઋતુમાં ખાસ કરીને આ જ સિઝનમાં આવતા ફળ ખાવા જોઈએ, જેમાં તરબૂચ, ટેટી અને શાકભાજીમાં દૂધી, કોળું વગેરે જેવા ફળ અને શાકભાજી શીતળતા આપતા હોવાના કારણે ગરમીની સિઝનમાં ખૂબ મોટા પ્રમાણમાં ખાવા જોઈએ. આ શાકભાજીમાં પાણીનું પ્રમાણ વધારે રહેલું હોય છે, જેના કારણે શરીરમાં ડિહાઈડ્રેશન જેવી તકલીફ ઊભી નથી કરતું અને શીતળતા પણ આપે છે. શરીરના તાપમાનને નિયંત્રિત કરવા માટે આવો ખોરાક લેવો જોઈએ. આ ઋતુમાં વિટામિન સી યુક્ત ફળફળાદી અને બીજી વસ્તુઓ લેવી ખૂબ જ લાભદાયક રહે છે.

# કેરી ખાઇને બીમાર ન પડવું હોય તો આ વાતની ગાંઠ બાંધી લેજો



પહેલાના સમયમાં આપણા વડીલો હંમેશા કેરી કે કોઈપણ ફળને થોડા સમય માટે પાણીમાં પલાળી રાખતાં અને પછી જ ખાતા. ધીમે-ધીમે ઘરોમાં ફ્રિજ આવ્યા અને હવે પાણીમાં કેરી ડૂબાડીને રાખ્યા બાદ ખાવાનું ચલણ ખતમ થઈ રહ્યું છે. પરંતુ તે યોગ્ય છે? ઉનાળાની સીઝન આવતા જ આકરો તડકો અને પરસેવો મૂડ ખરાબ કરી દે છે. પરંતુ એક વસ્તુ એવી છે, જે ગરમીની સાથે આવે છે અને તેની મીઠાશ બધાને પસંદ છે. તે છે કેરી. પહેલાના સમયમાં ગામડાઓમાં જ્યારે પણ આંબા પરથી કેરી તોડીન લાવવામાં આવતી હતી, વડીલો હંમેશા તેને પહેલા પાણીમાં પલાળીને રાખવા અને પછી જ ખાવાની સલાહ આપતા હતાં. જો કે ધીમે-ધીમે ઘરોમાં ફ્રિજ આવી ગયાં છે અને હવે પાણીમાં કેરી ડૂબાડી રાખ્યા બાદ ખાવાનું ચલણ ખતમ થતું જઈ રહ્યું છે. પરંતુ શું ફ્રિજમાં કેરી રાખવી પૂરતી છે? શું ફ્રિજમાં કેરી રાખીને ઠંડી કરવાથી તેને પાણીમાં ડૂબાડી રાખવાની જરૂરિયાત નથી રહેતી? કેરી એ વિટામિન A અને C જેવા જરૂરી પોષક તત્વોનો સારો સોર્સ છે. જે ઈમ્યુનિટી, તમારી આંખોની રોશની અને તમારી સ્કિન હેલ્થ માટે ખૂબ જ સારી છે. કેરીમાં ડાયેટરી ફાઈબર પણ ભરપૂર હોય છે જે પાચન અને વજનને કંટ્રોલ કરવામાં પણ મદદ કરે છે. ફાઈબરની સાથે, કેરીમાં બીટાકેરોટીન અને ફ્લેવોનોઈડ્સ જેવા એન્ટીઓક્સીડેન્ટ્સ પણ ભરપૂર હોય છે, જે શરીરના કોષોને નુકસાન થવાથી બચાવે છે. કેરીમાં પોટેશિયમ, મેગ્નેશિયમ અને વિટામિન K પણ હોય છે જે તમારી હાર્ટ હેલ્થ માટે સારી છે. કેટલાક પ્રાણીઓ પર કરવામાં આવેલી રિસર્ચમાં એવું પણ જાણવા મળ્યું છે કે આ ફળ હાર્ટ હેલ્થ અને કોલેસ્ટ્રોલ લેવલને ઘટાડવા માટે પણ કામ કરે છે. ખરેખર કેરીમાં ફાયટિક એસિડ જોવા મળે છે. જો આ ફાયટીક એસિડ શરીરમાં જાય, તો તે ઝિંક, આયર્ન અને એન્ટિઓક્સિડન્ટ્સ જેવા ઘણા પોષક તત્વોનું પાચન અટકાવે છે. આટલું જ નહીં, કેરીની છાલમાં જે એક્ટિવ કંપાઉન્ડ હોય છે.

BOLLYWOOD
NEWS FLASH

# નોરા ફતેહીએ એક ઇન્ટરવ્યુંમાં પેપરાઝી પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો



ડાન્સર, મોડલ. અને હવે એક્ટ્રેસ નોરા ફતેહીની અદાઓના સૌ કોઈ દિવાના છે. મોટેરાથી લઈને બાળકો સુધી સૌ કોઈ નોરાના ડાન્સના દિવાના છે. નોરા સ્ટેજ પર આવે છે ત્યારે આગ લગાવી દે છે. તેમાં પણ જ્યારે કોઈ ફિલ્મમાં નોરા ડાન્સ સોંગ હોય ત્યારે તેની પોપ્યુલારિટી આસમાને હોય છે. એવામાં આજે પણ જ્યારે નોર બહાર નીકળે છે ત્યારે પેપરાઝી તેની પાછળ પાછળ ફરતા નજર આવે છે. હાલમાં નોરાએ એક ઈન્ટરવ્યુંમાં પેપરાઝી પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. અને જણાવ્યું હતું કે. પેપરાઝી જાણી જોઈને તેમના બોડી પાર્ટ્સ પર ફોકસ કરે છે. અને વારંવાર રિપ ીટ કરીને એકની એક વસ્તુ બતાવે છે. નોરા ફતેહીએ બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની સૌથી બોલ્ડ એક્ટ્રેસમાંથી એક છે. ઘણાં લોકો તેના ફિગરના વખાણ કરે છે. એવામાં નોરા જ્યારે પણ કોઈ સ્ટેજ. ફંક્શન કે મુંબઈની ગલીઓમાં જોવામળે છે. તો પેપરાઝી તેનો પીછો અવશ્ય કરતા હોય છે. ઘણાં લોકો તેના ફિગરના વખાણ કરે છે. તો સોશિયલ મીડિયા પર તેના વીડિયો પણ વાયરલ થઈ રહ્યાં છે. તેના પર નોરાએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે. પેપ રાઝી તેના બોડી પાર્ટ્સ પર કેમેરા ઝૂમ કરે છે. મને લાગે છે કે તેમણે આ પહેલાં આવી બેક કોઈની જોઈ નથી. મીડિયા ફક્ત મારી સાથે નથી કરતી. પણ અન્ય ફિમેઈલ એક્ટ્રેસ સાથે પણ કરે છે. તે અન્ય સાથે આમ નથી કરતી કારણ કે આમ કરવું તેમના માટે એટલું એક્સાઈટિંગ નથી. પણ તેઓ બાકી પ્રાઈવેટ પાર્ટ્સ પર કારણવગર ઝૂમ કરે છે. ઘણી વખત મને લાગે છે કે તેમણે આવું કરવાની કોઈ જરૂર ન હતી. તો પછી તેઓ કઈ વસ્તુ પર ફોકસ કરી રહ્યાં છે. આવું પહેલી વખત નથી કે કોઈએ પાપ રાઝીની હરકતોનો વિરોધ કર્યો છે. આ પહેલાં મૃણાલ ઠાકુરને જ્યારે પાપારાઝીએ તેના બેકનો ફોટો લેવા માટે કહ્યું. ત્યારે મૃ ણાલે ના પાડી દીધી હતી. તો પલક તિવારીએ પણ એ રીતે જ પાપારાઝીને તસવીરો લેવાની ના પાડી હતી. અને તાપ્સી પન્નુંએ પેપરાઝીને હડકાવી ચુક્યા છે. અને આ વખતે તો નોરા ફતેહી એ પેપરાઝીની હરકતને બરાબરનો પાઠ ભણાવ્યો છે.

# અમારી છોકરી છોકરાને લઈને ભાગી ગઇ : કૃષ્ણા



બિગ બોસ સીઝન ૧૩ ની સ્પર્ધક આરતી સિંહે ૨૫મી એપ્રિલે લગ્ન કર્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી આરતી સિંહના લગ્નના અલગ-અલગ ફંક્શનની તસવીરો અને વીડિયો સામે આવી રહ્યા હતા. હવે આરતી સિંહની વિદાયનો એક વીડિયો સામે આવ્યો છે. જે જોઈને ફેન્સ ખુશ થઈ ગયા છે. આરતી સિંહની વિદાય અનોખી શૈલીમાં થઈ હતી અને તેના ભાઈ કૃષ્ણાએ તેમાં કોમેડી કમેન્ટ કરીને લોકોને હસવા મજબૂર કરી દીધા છે. આરતીની વિદાયનો જે વીડિયો સામે આવ્યો છે તેમાં આરતી સિંહ કારની ડ્રાઈવિંગ સીટ પર બેઠેલી જોવા મળી રહી છે અને તેનો પતિ દીપક ચૌહાણ તેની બાજુમાં બેઠો છે. તે જ સમયે આરતીનો ભાઈ કૃષ્ણા અભિષેક વીડિયો બનાવતો જોવા મળી રહ્યો છે. આટલું જ નહીં વીડિયોમાં ક્રિષ્ના ફની કોમેન્ટ પણ કરે છે.આરતી અને જીજાનો વિદાનો વીડિયો બનાવતા કૃષ્ણા મજેદાર કમેન્ટ કરે છે, વીડિયોમાં તમે જોઈ શકો છો કે આરતી ખુદ જાતે ડ્રાઈવ સીટ પર બેઠી છે અને ગાડી ચલાવી રહી છે. ત્યારે કૃષ્ણા તેના પર કમેન્ટ કરે છે.

### સલમાન ખાનની અનોખી ફેશન

# સલમાનના અનોખા પેન્ટનું જાપાન કનેક્શન



સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી'નું બુધવારે મુંબઈમાં પ્રીમિયર થયું હતું. આઝાદીના સમયના ગણિકાઓની વાર્તાના પ્રીમિયરનું વાતાવરણ, જે રાજવી અનુભૂતિ ધરાવે છે, તે પણ ખૂબ જ શાહી પ્રકારનું હતું. પ્રસંગની થીમને ધ્યાનમાં રાખીને, બોલિવૂડ સેલિબ્રિટીઓ વિવિધ પરંપરાગત પોશાક પહેરીને કાર્યક્રમમાં પહોંચ્યા હતા અને શિષ્ટતા અને ગ્રેસના મૂર્ત સ્વરૂપ હતા. આલિયા ભટ્ટ કુતી અને શરારા પહેરેલી જોવા મળી હતી, જ્યારે રશ્મિકા મંદન્ના સુંદર અનારકલી પહેરેલી જોવા મળી હતી. જ્યારે સુંદર સાડીઓ, સૂટ, લહેંગા વગેરે ફીમેલ સેલેબ્સના આઉટફિટમાં વધુ જોવા મળ્યા હતા, ત્યારે પુરૂષ સેલેબ્સે કુર્તા, બંધ ગાલા, જોધપુરી પ્રકારના ટ્રેડિશનલ આઉટફિટ્સ પર ભાર મૂક્યો હતો. કેટલાક લોકો સૂટ અને બ્લેઝરમાં પણ આવ્યા હતા. પણ સલમાને આ ઈવેન્ટની આખી લાઈમલાઈટ પકડી લીધી અને તેની એન્ટ્રી પર દર્શકો અવાચક રહી ગયા! ઈન્ડસ્ટ્રીના ભાઈજાન બ્લેક શર્ટ સાથે પ્રિન્ટેડ વ્હાઈટ પેન્ટ પહેરેલા જોવા મળ્યા હતા, જે રંગોથી ભરેલા હતા. પરંતુ તેમના આ પેન્ટમાં પોપ કલ્ચરનો ખૂબ જ મજબૂત સંદર્ભ છુપાયેલો છે. તાજેતરના સમયમાં, જાપાનીઝ એનિમેશન, જેને એનાઈમ કહેવાય છે, વિશ્વભરમાં વધુને વધુ લોકપ્રિય બન્યું છે. એનાઈમ અને જાપાનીઝ મંગા એટલે કે જાપાનીઝ કોમિક્સ એ પોપ કલ્ચરમાં નવી કૂલ છે. સલમાનના ફંકી લુકમાં એનાઈમનો પણ ઉલ્લેખ છે. તેના પેન્ટ પર બે એનાઈમ પાત્રો સ્પષ્ટપણે દેખાય છે - ગોકુ અને નેઝુકો કામડો. ગોકુ એ જાપાનીઝ એનીમે શ્રેણી 'ડ્રેગન બોલ ઝેડ'નું પાત્ર છે. જ્યારે નેઝુકો કામડો 'ડેમન સ્લેયર'માંથી આવે છે. આ બંને પાત્રો અને બંને શ્રેણી એનિમેશન પ્રેમીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. પોતાની ફેશનને કૂલ ટચ આપનાર સલમાન આ એનિમેટેડ પાત્રોને પોતાની ફેશનમાં સામેલ કરીને વધુ કૂલ બન્યો છે. બોલિવૂડમાં સલમાન ખાન હંમેશા પોતાની ફેશનને લઈને 'કૂલ' શબ્દની વ્યાખ્યા કરતા આવ્યા છે. હવે તેનો એનાઈમ પ્રત્યેનો પ્રેમ એનાઈમ પ્રેમીઓને ખૂબ પ્રભાવિત કરી રહ્યો છે. જો કે, તે તેના અનોખા પેન્ટ માટે સોશિયલ મીડિયા પર ટ્રોલ પણ થઈ રહ્યો છે.

# કરોડોની રૂપિયાની માલિક પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં ભાડે રહેશે



બોલિવુડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ ૨૦૧૮માં સિંગર નિક જોનસના લગ્ન બાદ લોસ એન્જલસમાં રહે છે. ત્યારબાદ અભિનેત્રીએ મુંબઈમાં પોતાની અનેક પ્રોપટી વેહચી દીધી છે. તેના ૨ પેન્ટહાઉસ પણ સામેલ પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં એક ઘર ભાડે લીધું છે. જેના માટે દર મહિને લાખો રુપિયાનું ભાડું ચુકવશે. ચોપરા પરિવારે એક બંગલો ભાડે લીધો છે. અભિનેત્રીની માતા મધુ ચોપરા અને ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ કંપની સાથે ડીલ પણ કરી લીધી છે. આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, દસ્તાવેજ અનુસાર બંગલાનું ભાડું ૨ લાખ રુપિયા દર મહિનાનું છે. રિપોર્ટ અનુસાર મધુ અને સિદ્ધાર્થએ ૨૧ માર્ચના રોજ પ્રોપટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. તેમજ પુણેના આ બંગલા માટે ૬ લાખ રુપિયાની ડિપોઝીટ પણ જમા કરી દીધી છે. ચોપરા પરિવાર આ બંગલા માટે દરમહિને ૨.૦૬ લાખ રુપિયાનું ભાડું આપશે, આ બંગલો પુણેના કોરેગાવ પાર્કમાં આવેલો છે. બોલિવુડ અભિનેત્રી પાસે પુણેમાં ૨ પેન્ટ હાઉસ હતા. જેમને વેચી નાંખ્યા છે. બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે..

# અક્ષય કુમારની ઈજાને જોઈને ફેન્સ ટેન્શનમાં આવી ગયા

બોલિવૂડ એક્ટર અક્ષય કુમારનો એક વીડિયો સામે આવ્યો છે જેણે ચાહકોને નારાજ કરી દીધા છે. ખરેખર, અક્ષય કુમારના હાથ પર ક્રેપ પટ્ટી જોયા પછી, ચાહકો તેના વિશે ચિંતિત છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીનો એક્શન સ્ટાર અક્ષય કુમાર હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'માં જોવા મળ્યો હતો. અક્ષય કુમારની આ ફિલ્મમાં ઘણી બધી એક્શન જોવા મળી હતી જેને ચાહકોએ ખૂબ પસંદ કરી હતી. આ દરમિયાન અક્ષય કુમારનો એક વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને ફેન્સ ચિંતામાં પડી ગયા છે. ખરેખર, અક્ષય કુમાર પાપારાઝીના કેમેરામાં કેદ થઈ ગયો છે અને તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં અક્ષય કુમારના ડાબા હાથ પર ક્રેપ બેન્ડેજ જોવા મળે છે.

# પૂરેપૂરું મતદાન થાય તેની જાણકારી આપવામાં આવી તેમજ મતદાન અંગેની પ્રતિજ્ઞા લેવડાવી


તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૨૮ ।

આજરોજ સહકાર ભરતી આણંદ વિભાગ દ્વારા કડાણા દૂધ મંડળી તેમજ કો ઓપરેટિવ બેક્ક સંતરામપુર, સત્યપ્રકાશ ક્રેડિટ સોસાયટી તથા નવદીપ ક્રેડિટ સોસાયટીના ડિરેક્ટ-રશ્રીઓ તેમજ બેક્કના સીઈઓ શ્રી નિલેશકુમાર મહેતા સહકાર ભારતી નગર અધ્યક્ષ નરેન્દ્ર ભાઈ કે પટેલ ધી અર્બન બેંકના કો ઓપરેટિવ બેક્કના ચેરમેન દ્વારા સહકાર ભરતીની મીટીંગ રાખવામાં આવેલ હતી જેમાં સહકાર ભારતીય ની પ્રવૃત્તિ ની જાણકારી આપવામાં આવેલ હતી લોકશાહીના પર્વ અંગે પોતાના સભાસદો દ્વારા પૂરેપૂરું મતદાન થાય તેની જાણકારી આપવામાં આવી તેમજ મતદાન અંગેની પ્રતિજ્ઞા લેવડાવી સભાસદોને ઈ પત્રિકા માટે જાણકારી આપેલ હતી જેમાં સહકાર ભારતીય આણંદ વિભાગના સહસંયોજક યતીનભાઈ મહેતા અને જિલ્લા મંત્રી સંતોષભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં સહભાગી કરવામાં આવ્યા


તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૨૮ ।

આજરોજ સાંજે ૭:૩૦ કલાકે લુણાવાડા ખાતે લુણાવાડા ની સૌથી મોટી સહકારી બેંક ધી લુણાવાડા પીપલ્સ કો ઓપરેટિવ બેક્ક લિમિટેડ લુણાવાડા ખાતે સહકાર ભારતી મહીસાગર જિલ્લાના મંત્રીશ્રી સંતોષભાઈ જોષીના વિનંતીના કારણે તેઓને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં સહભાગી કરવામાં આવ્યા જેમાં ગોધરાથી આણંદ વિભાગ સંયોજક નીતિનભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા .સૌથી વધુ એવા ૯૨ વર્ષની વયના શ્રી રજનીકાકા બેંકના એમડી તેમજ સુરેન્દભાઈ મેનેજર અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રી ઓ ઉપ સ્થિત રહેલ જેમાં નીતિનભાઈ સોનીએ સહકાર ક્ષેત્રે વર્તમાન લોકશાહી પર્વ અંગે સહકાર ભારતીય ની પ્રવૃત્તિ અંગે માહિતી આપેલ અને ઈ પત્રિકા માટે વિગતવાર જાણકારી આપી હતી.

# ઝાલોદ રામસાગર તળાવના કિનારે ગંદકીના ઢગલા : નગરના એક માત્ર તળાવને સાચવવા વહીવટી તંત્ર નિષ્ફળ

। (પ્રતિનિધી) પંકજ પંડિત, ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરમાં સવાર સાંજ તળાવના કિનારે નગરજનો ફરવા નીકળતા હોય છે તેમજ રામસાગર તળાવની કિનારે જ રામેશ્વર મહાદેવ મંદિર પણ આવેલ છે આ મંદિરે સવાર સાંજ દર્શનાર્થીઓ ભાગવાન ભોળાનાથના દર્શન કરવા નિત્ય આવતા હોય છે. નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા રામસાગર તળાવને સુંદર બનાવવા માટેની મોટી મોટી વાતો કરવામાં આવી હતી તેમજ રામસાગર તળાવને સુંદર બનાવવા ટેન્ડરીંગ પણ થઈ ગયેલ છે તેવી પણ નગરપાલિકાએ નગરજનોને કહેલ છે છતાય નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા તળાવને સુંદર બનાવવા કોઈ કામગીરી કરી હોય તેવું જોવા મળતુ નથી.

નગરપાલિકા દ્વારા નગરના વિકાશ અને આયોજન માટે કરોડોનો રૂપિયા વાપરી રહી છે પણ ક્યાંય નગરપાલિકા દ્વારા કોઈ કામગી-રી કરી હોય તે જોવા મળતું નથી, હાલ નગરના વિકાસના નામે વર્ષો થી ટૂટી ગયેલ રોડના નવીનીકરણ સિવાય કોઈ કામગીરી જોવાઈ રહેલ નથી. રામસાગર તળાવ એ નગરના સહેલાણીઓ માટે ફરવા અને તાજી સુદ્ધ હવા ખાવા માટેનું એકમાત્ર સ્થળ છે પણ તેની જાળવણી કરવામાં પણ નગરપાલિકા વહીવટી તંત્ર ઊણું ઊતર્યું હોય તેવું લાગી રહેલ છે.

તળાવના કિનારા ઓ પર ઉભરાતી ગંદકીને લઈ તળાવના કિનારે નગરજનો બેસી પણ સકતા નથી. તેમજ તળાવની ચારે બાજુ ફરતી વાડની દિવાલો પર પણ ઘાસ ઉગી આવેલ જોવા





મળી રહેલ છે. નગરપાલિકામા જવાબદારી સંભાળનાર સત્તાધીશો બે ધ્યાન રહી નગરનો વહીવટ કરી રહેલ છે તેમ નગરજનો ને લાગી રહેલ છે. નગરપાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રા માથી જાગે અને નગરની વાસ્તવિક લાગતી સમસ્યાઓ ને સમજે અને તેને દૂર કરે તેવું નગરજનો ઈચ્છી રહેલ છે. હવે જોવાનું રહ્યું કે નગરપાલિકા વહીવટી તંત્ર જે વાસ્તવિક તળાવનો વિકાસ તો કરી નથી સકી પણ સાફસફાઈ કર-ાવી નગરજનોને સવાર સાંજ હરવા ફરવા માટે ચોખ્ખું ક્યારે બનાવે છે.

### ઝાલોદ નગરપાલિકાના બાળકો નિરાશ


# ઝાલોદ નગરપાલિકાના પાપે બાળકોના ક્રીડાંગણને ખંભાતી તાળા




। (પ્રતિનિધી) પંકજ પંડિત, ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ રામસાગર તળાવ પાસે આવેલ નગરમાં બાળકોને રમવા માટે સાધનો થી સજ્જ એક જ બાળ ક્રીડાંગણ છે તે પણ નગરપાલિકા દ્વારા વહીવટી અણઆવડતને લઈ ખંડેર અને ભંગાર હાલતમાં છે. નગરના લોકો દ્વારા વારંવાર આ ક્રીડાંગણ ને નવા રમતોના સાધનો સાથે સજ્જ કરવા લેખિત અને મૌખિક માંગણી કરવામાં આવેલ છે પણ નગરમા જાડી ચામડીના વહીવટ કરતા અધિકારીઓ દ્વારા કોઈ પણ જાતનું ધ્યાન આ ક્રીડાંગણ પર આપવામાં આવેલ નથી. આ ક્રીડા-ંગણ બન્યા આસરે ૪૦ વર્ષોથી વધુ થઈ ગયેલ છે પણ નગરપાલિકા દ્વારા બાળકોના સાધનો એક વાર નાખ્યા બાદ બીજી વખત વખત જોયું પણ નથી તેવું લાગી રહેલ છે.

આ બાળ ક્રીડાંગણને ફરતે જે બોર્ડર બનાવેલ છે તે પણ ગમે ત્યારે પડી જાય તેવી થઈ ગયેલ છે પણ નગરપાલિકા આ અંગે કોઈ પણ જાતનું ધ્યાન આપી રહેલ નથી. બાળકોને વેકેશનમા રમવા લઈ જવું તો ક્યાં લઈ જવું તેવો પ્રશ્ન બાળકોના વાલીઓને સતાવી રહેલ છે. બાળકોનુ આ બાળ ક્રીડાંગણને નવીનીકરણ તેમજ નવા રમતના સાધનો માટે વારંવાર કરેલ માંગણી અંગે જવાબદાર તંત્ર બિલકુલ લાપરવાહી વર્તી રહ્યું છે. તંત્ર કેમ આ બાળ ક્રીડાંગણનુ નવીનીકરણ કરી રહી નથી...આટલા વર્ષોમાં કેમ નવીનીકરણ માટે કોઈ પ્લાન બનાવવામાં નથી આવી રહ્યો આવો પ્રશ્ન નગરજનોમાં ઉદ્દભવી રહેલ છે. જવાબદાર તંત્ર દ્વારા આ ક્રીડાંગણને નવીનીકરણ માટે કોઈ પ્લાન બનાવેલ છે કે નહીં...કે બાળકોએ બાળ ક્રીડાંગણ



બહાર નગરપાલિકા દ્વારા તાળું મારેલું છે તે જ જોતું રહેવાનું. નગરપાલિકા દ્વારા રમતના આ ગાર્ડનને તૂટેલું અને ભંગાર હાલત જોઈ કોઈ બાળક આ ક્રીડાંગણમા રમતા કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે સાવચેતી રૂપે ખંભાતી તાળા મારેલ છે પણ તાળા માર્યા પછી હવે આ બાળ ક્રીડાંગણનુ નવીનીકરણ ક્યારે થશે તે અંગે નગરજનો અંદરોઅંદર ચર્ચા કરતા જોવા મળે છે.

નગરજનો આશા સેવી રહેલ છે કે રામસાગર પાસે આવેલ આ બાળ ક્રીડાંગણ જલ્દી થી આધુનિક રમતના સાઘનો સાથે બનાવી આપે તેવી આશા જવાબદાર તંત્ર પાસે રાખી રહેલ છે. પણ તાળા માર્યા પછી હવે આ બાળ ક્રીડાંગણનુ નવીનીકરણ ક્યારે થશે તે અંગે નગરજનો અંદરોઅંદર ચર્ચા કરતા જોવા મળે છે. નગરજનો આશા સેવી રહેલ છે કે રામસાગર પાસે આવેલ આ બાળ ક્રીડાંગણ જલ્દી થી આધુનિક રમતના સાઘનો સાથે બનાવી આપે તેવી આશા જવાબદાર તંત્ર પાસે રાખી રહેલ છે.

# કાવડાના મુવાડા પ્રા. શાળામાં શાળા સ્થાપના દિવસની અને ધોરણ -૮ ના વિદ્યાર્થીઓ માટે વિદાયનો કાર્યક્રમ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। ઝાલોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં કાવડાના મુવાડા પ્રાથમિક શાળામાં તારીખ -૨૭ એપ્રિલ ૨૦૨૪ ના રોજ શાળા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી, શાળાને સ્થાપનાના ૭૦ વર્ષ ૭૦ વર્ષ પૂર્ણ થયા અને ૭૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ સાથે ધોરણ -૮ ના વિદ્યાર્થીઓના વિદાયનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં અધિકારી તથા પદાધિકારી થઈ રાષ્ટ્રની સેવા કરવા માટે વિદ્યાર્થીઓને શાળાના સ્ટાફ તરફથી પ્રેરણા,માર્ગદર્શન આપવા આવ્યું હતું.

# ED, CBI, IT ટાર્ગેટ કરે એટલે કોંગ્રેસ છોડીને ભાજપમાં આવે

। રાજકોટ, તા.૨૮ ।

ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે છે. આજે જામકંડોરણાનો મેગા શો યોજવામાં આવ્યો. આ મેગા શો માં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તા અને ભાજપ ના સમર્થકોનો મેળો ઉમટ્યો. જામકંડોરણામાં વિજય સંકલ્પ સભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ભરત બોઘરા, રમેશ ધડુક, જયેશ રાદડિયા, મનસુખ માંડવીયા, પ્રશાંત કોરાટ અને અર્જુન મોઢવાડિયા જેવા દિગ્ગજ નેતાઓએ હાજરી આપી છે. પરંતુ અહીં ભાજપ નેતા અર્જુન મોઢવાડિયાની એક બે વાર નહીં ત્રણ-ત્રણ વાર જીભ લપસી છે.

રાજકોટના જામકંડોરણામાં સભા દરમિયાન ભાજપ નેતા અર્જુન મોઢવાડિયાની જીભ લપસી છે. મોઢવાડિયાએ કહ્યું કે, દેશ બદલી રહ્યો છે ત્યારે કોંગ્રેસ બદલવા તૈયાર નથી. તેઓ માત્ર ઉપ રના લોકો શું વિચારે છે તેને જ ધ્યાનમાં રાખે છે.

આ સમયે મોઢવાડિયા પોતાનું ઉદાહરણ આપતા એવું બોલી ગયા કે, ઈઙ્ઢ, ઝ્રમ્ૈં ટાર્ગેટ કરે છે એટલે કોંગ્રેસ છોડીને ભાજપમાં આવે છે. જ્યારે હું તો જાહેરમાં ભાજપના નેતાઓની વિરુદ્ધમાં બોલ્યો છું. પરંતુ મારા ઘરે પોલીસ પણ નથી આવી. સાથે જ મોઢવાડિયાએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપને દરેક વ્યક્તિમાં સારપ દેખાય છે પહેલા હું જ્યાં પહેલા હતો ત્યાં એક વ્યક્તિ સિવાય બીજા કોઈ સારા નથી દેખાતા.

અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે, ૨૦૦૭માં ત્રીજી વખત ભાજપની સરકાર કેન્દ્રમાં બનવા જઈ રહી છે. જામકંડોરણાને રાણા કાંડોરણાં તરીકે સંબોધિત કર્યું. હાલ ૩૬એ ૩૬ સીટ ભાજપ પાસે છે. બાદમાં કહ્યું ૨૬ સીટ પૈકી ૧ સીટ બિન હરીફ થઈ ચૂકી છે. હવે બાકીની ૨૫ સીટ ઉપર પણ કમળ ખીલવાનું છે.

# ઝાલોદ બસસ્ટેશન પર મજૂરી કરતા કામદારો થી છલકાતી બસો : મતદાન ઓછુ થાય તેવા સંકેત


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। ઝાલોદ, તા.૨૮ ।

જાગૃતિ માટે અસરકારક માધ્યમ બની રહ્યો છે દાહોદ જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા મતદાન વધુમાં વધુ થાય તે માટે જન જાગૃતિના પ્રોગ્રામ કરવામાં આવી રહેલ છે તો બીજી બાજુ હોળીના તહેવાર અને લગ્નસરાનો આનંદ લેવા મજૂરી એ ગયેલા કામદાર વર્ગ પોતાના વતને આવેલ હતા. હોળી પછી લગ્નસરાનો માહોલ ઓછો થતાં મજૂરી કરતા કામદારોનો મેળો બસસ્ટેશનની અંદર જોવા મળ્યો હતો. મજૂરી કરી ઘરબાર ચલાવતા કામદારો પાસે નગરમાં આવકનો કોઈ અન્ય માર્ગ ન હોવાથી તેઓ મજૂરી કરવા મોટા શહેરોમા જતા હોય છે. લોકસભાની ચુંટણી આગામી ૭ મે એ ગુજરાતમાં યોજાનાર છે અને તેને દસ દિવસથી ઓછો સમય રહી ગયેલ છે અને કામદારો પોતાનું વતન છોડી રોજગારી મેળવવા શહેર તરફ જઈ રહેલ છે આનો સીધો અસર મતદાન પર થવાનો આસાર જોવાઈ રહેલ છે. શું દસ દિવસથી ઓછો સમય રહી ગયેલ છે તો કામદારો પાછા નગરમાં મતદાન કરવા આવશે તે એક મોટો અને ગંભીર પ્રશ્ન છે. ચુંટણી અધિકારી વધુ મતદાન થાય તે માટે વિવિધ કાર્યક્રમો નગર તેમજ ગ્રામીણ વિસ્તાર-ોમાં કરી રહેલ છે પણ મજૂરી કરતા લોકો પાસે કમાવવા માટે કોઈ વૈકલ્પિક માર્ગ ન હોવાથી તેઓ પોતાના સામાન લઈ મજૂરી કરવા બસોમા બેસી જઈ રહેલ છે. હવે જોવાનું એ રહ્યું કે મતદાન વધુમાં વધુ થાય તે માટે પ્રયત્નો ચુંટણી અધિકારી દ્વારા કરાઈ રહેલ છે તો તેમાં તેઓ કેવી રીતે સફળ થશે...મતદાતાઓ જ્યાં સુધી મતદાનને સ્વેચ્છીક જવાબદારી ન સમજે ત્યાં સુધી વધુ મતદાન થવું શકય નથી. કામદારો માટે એક બાજુ મતદાન અને બીજી બાજુ ઘર કુટુંબ માટે આવક ઉભી કરવી તે બંને જરૂરી છે તો શું કામદારો ફરી મતદાન કરવા વતનમાં આવશે....

# કામરેજના પારડી ગામ પાસે બેકાબૂ ટ્રકે કારને અડફેટે લીધી

। સુરત, તા.૨૮ ।

સુરતના કામરેજ પાસે બેકાબૂ ટ્રકે કારને અડફેટે લીધી હોવાની ઘટના બની છે. કામરેજના ધોરણ પારડી ગામે પેટ્રોલ પંપ પર આ ઘટના બની હતી. ઘટનામાં કારચાલક અને પેટ્રોલ પંપના કર્મચારીનો આબાદ બચાવ કરવામાં આવ્યો છે. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી રહે છે. ત્યારે આજે પણ આવી જ એક ઘટના સુરતના કામરેજ પાસે બની છે. સુરતના કામરેજ પાસે બેકાબૂ ટ્રકે કારને અડફેટે લીધી હોવાની ઘટના બની છે. કામરેજના ધોરણ પારડી ગામે પેટ્રોલ પંપ પર આ ઘટના બની હતી. ઘટનામાં કારચાલક અને પેટ્રોલ પંપના કર્મચારીનો આબાદ બચાવ કરવામાં આવ્યો છે.

બીજી તરફ આજે સુરતમાં રખડતા ઢોરની અડફેટે આધેડનું મોત થયુ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

### સંદેશખાલી મામલે જેપી નડ્ડાના પ્રહાર

# જનતાને ડરાવી-ધમકાવીને ચૂંટણી જીતી જશે તો તે મમતા બેનર્જીની સૌથી મોટી ભૂલ છે

### મમતા બેનર્જીના શાસનમાં શેખ શાહજહાં જેવા લોકો મહિલાઓ માટે ખતરો બન્યા છે : જેપી નડ્ડા

। કોલકાતા, તા.૨૮ ।

દેશમાં લોકસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. તમામ પાર્ટીના નેતાઓ જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

આ દરમિયાન નેતાઓ એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે. ત્યારે હવે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ મમતા બેનર્જીને આડે હાથ લીધા છે. તેમણે કહ્યું કે, જો મમતા બેનર્જીને એવું લાગે છે કે, તેઓ જનતાને ડરાવી-ધમકાવીને ચૂંટણી જીતી જશે તો તે મમતા બેનર્જીની સૌથી મોટી ભૂલ છે.

જેપી નડ્ડાએ ્સ્ઝના અધ્યક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, મમતા બેનર્જીના શાસનમાં શેખ શાહજહાં જેવા લોકો મહિલાઓ માટે ખતરો બન્યા છે. ત્યાં ગયેલી તપાસ એજન્સીઓ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો. સંદેશખાલીમાં જનતાની રક્ષા માટે એનએસજીના કમાન્ડોએ ઉતરવું પડ્યુ છે. શું મમતા બેનર્જી જનતાને ડરાવી-ધમકાવીને તેમનો જીવ લઈને ચૂંટણી જીતશે? જો મમતા બેનર્જીને એવું લાગે છે તો તે તેમની સૌથી મોટી ભૂલ છે.

જેપી નડ્ડાએ આગળ કહ્યું કે, જે બંગાળમાં શાસ્ત્રીય ગીતો સાંભળવા જોઈએ ત્યાં બોમ્બ અને પિસ્તોલ મળી રહી છે. મમતા બેનર્જી તમે બંગાળનું શું બનાવી દીધુ? શું સુભાષ ચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ જેવા લોકોએ આવા બંગાળની કલ્પના પણ કરી હતી? જનતા તમને જડબાતોડ જવાબ આપશે અને ભાજપ ૩૫ બેઠકો જીતશે.

### વર્ષ ૧૯૮૫માં ભારત છોડ્યું હતું

# અમેરિકામાં મોતને ભેટેલી ત્રણેય ગુજરાતી મહિલા એકબીજાની સંબંધી

### રેખાબેન અને સંગીતા બેનના પતિઓ દિલીપ પટેલ અને ભાવેશ પટેલ સગા ભાઈ છે : ચોથી મહિલા ઈજાગ્રસ્ત છે

। વોશિંગ્ટન, તા.૨૮।

અમેરિકાના દક્ષિણ કેરોલિનામાં એક કાર અકસ્માતમાં ત્રણ ગુજરાતી મહિલાઓના મોત નિપજ્યા પછી વિદેશમાં ગુજરાતી સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. મૃત્યુ પામનાર ત્રણ મહિલાઓ રેખાબેન પટેલ, સંગીતાબેન પટેલ અને મનીષાબેન પટેલ એક જ પરિવારની હતી. તેઓ મૂળ આણંદના બોરસદ તાલુકાના વાસણા અને કાવિઠા ગામની હતી અને ૧૯૮૫માં તેઓ ભારત છોડીને અમેરિકા ગયા હતા. આ ઉપરાંત ચોથી મહિલાને ગંભીર ઈજા થઈ છે અને હાલમાં સારવાર હેઠળ છે. મૃતક મહિલાઓના આખા નામ રેખાબેન દિલીપભાઈ પટેલ, સંગીતાબેન ભાવેશભાઈ પટેલ અને મનીષાબેન રાજેન્દ્રભાઈ પટેલ છે. તેઓ અમેરીકાના જ્યોર્જિયા ખાતે રહેતી હતી. તેમની વચ્ચે દેરાણી જેઠાણીનો સંબંધ હતો કારણ કે રેખાબેન અને સંગીતા બેનના પતિઓ દિલીપ પટેલ અને ભાવેશ પટેલ સગા ભાઈઓ છે. જ્યારે મનીષા પટેલના પતિ રાજેન્દ્રભાઈ તેમના પિતરાઈ ભાઈ છે. આ મહિલાઓના મૃત્યુના સમાચારથી તેમના વતનમાં સ્વજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. સંગીતાબેનના પિતા વિઠ્ઠલભાઈ સિવાય પરિવારના તમામ સભ્યો લગભગ ૩૫ વર્ષ અગાઉ અમેરિકામાં સેટલ થઈ ગયા હતા. સંગીતાબેન અમેરિકા ગયા પછી બે દાયકાથી ભારત આવ્યા નથી. તેમનો પુત્ર તાજેતરમાં થોડાક મહિના પહેલાં લગ્નને લગતું શોપિંગ કરવા માટે ભારત આવ્યો હતો. આ મહિલાઓના વતનમાં શોકસભા યોજવામાં આવી છે. આણંદની મહિલાઓ ગયા શુક્રવારે બપોરે સાઉથ કેરોલિનાના ગ્રીનવિલે કાઉન્ટીમાં એક હાઈવે પર એસયુવીમાં જઈ રહી હતી ત્યારે ઓવર સ્પીડના કારણે તેમની કાર કન્ટ્રોલ બહાર જતી રહી હતી. તેના કારણે તેમની કાર ૬ લેન ક્રોસ કરીને ઉછળી હતી અને વૃક્ષો સાથે ટકરાઈ હતી. આ એક્સિડન્ટમાં કારના ભુક્કા બોલી ગયા હતા. આ એક્સિડન્ટ થતા થોડી જ વારમાં હાઈવે પેટ્રોલ અને લોકલ ફાયર અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કાર ચલાવનાર મહિલા ઈજાગ્રસ્ત છે જ્યારે તેમની સાથે રહેલી ત્રણ મહિલાઓ મૃત્યુ પામી હતી. આ ત્રણ મહિલાઓની ભત્રીજી કાર ચલાવતી હતી. વાહનની ડિટેક્શન સિસ્ટમના કારણે પરિવારને ઘટનાની જાણકારી આપી હતી. આ કાર વધારે પડતી ઝડપના કારણે એક પછી એક લેન ક્રોસ કરી ગઈ ત્યારે બીજા કોઈ વાહન સાથે તેની ટક્કર થઈ ન હતી.

### બિહાર સહિત અનેક રાજ્યોમાં હીટવેવનું એલર્ટ

# જમ્મુ-કાશ્મીરમાં બરફવર્ષા જયારે દિલ્હીથી ઝારખંડ સુધી અત્યંત ગરમી

### ઔરંગાબાદ, દરભંગા, મોતિહારી, શેખપુરા, જમુઈ અને ખગરિયા જિલ્લાના કેટલાક સ્થળોએ હીટ વેવની સંભાવના

। નવી દિલ્હી, તા.૨૮ ।



દેશના મેદાની પ્રદેશોમાં અત્યંત ગરમી પડી રહી છે તો પહાડો પર હજુ પણ ઠંડક છે. જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. વાસ્તવમાં જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. બધા પર્વતો બરફથી ઢંકાયેલા છે અને ઘરો પણ બરફથી ઢંકાયેલા છે. ત્યારે બિહારમાં હવામાન વિભાગે એલર્ટ જારી કરીને કહ્યું કે ઔરંગાબાદ, દરભંગા, મોતિહારી, શેખપુરા, જમુઈ અને ખગરિયા જિલ્લાના કેટલાક સ્થળોએ હીટ વેવની સંભાવના છે. આગામી ૫ દિવસ સુધી કોઈ રાહત નહીં મળે. અહીં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. દિલ્હીમાં પણ તાપમાન ૪૦ની આસપાસ છે.

સ્કાયમેટ વેધર રિપોર્ટ અનુસાર, આગામી ૨ દિવસમાં પશ્ચિમ હિમાલયમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. જયારે અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. આ સિવાય વિદર્ભ, મરાઠવાડા, તેલંગાણા, છત્તીસગઢ અને દક્ષિણ ઓડિશાના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની અને ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. પંજાબના ઉત્તરીય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં વરસાદની સાથે બરફનો હળવો વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે ૩૦ એપ્રિલ સુધી વધુ હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. ઘણી જગ્યાઓ પર એડવાઈઝરી જારી કરીને લોકોને નદીઓ અને તળાવોના કિનારે જવાનું ટાળવાનું કહેવામાં આવ્યું છે. આ સિવાય ઉત્તર અને મધ્ય કાશ્મીરના પહાડી વિસ્તારોમાં હિમપ્રપાતની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોની હાલત પણ કાશ્મીર જેવી છે.

હિમાચલમાં લાહૌલ સ્પીતિનો આખો પ્રદેશ બરફની સફેદ ચાદરથી ઢંકાયેલો છે. દૂર દૂર સુધી કોઈ માણસ દેખાતું નથી. સમગ્ર વિસ્તાર સ્નો પાર્કમાં ફેરવાઈ ગયો છે. કીલોંગ અને કુકુમસેરીનું તાપમાન ફરી માઈનસ પર પહોંચી ગયું છે. હિમાલયના રાજ્ય ઉત્તરાખંડમાં પણ હિમવર્ષાએ હવામાનનો મિજાજ બદલી નાખ્યો હતો. ચમોલીની નીતી ખીણમાં ભારે હિમવર્ષા અને બરફના તોફાનને કારણે ઘણા ઘરોને ભારે નુકસાન થયું છે. જેના કારણે અહીં વાતાવરણ ઠંડું થઈ ગયું છે. ઉત્તર ભારતમાં પડી રહેલી ગરમીથી થોડી રાહત મળી છે. દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૨.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૧ ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા હતું. હવામાનશાસ્ત્રીઓએ દિવસ દરમિયાન સપાટી પરના મજબૂત પવનની આગાહી કરી છે.

મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે. જેના કારણે અહીં વાતાવરણ ઠંડું થઈ ગયું છે. ઉત્તર ભારતમાં પડી રહેલી ગરમીથી થોડી રાહત મળી છે. દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૨.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૧ ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા હતું. હવામાનશાસ્ત્રીઓએ દિવસ દરમિયાન સપાટી પરના મજબૂત પવનની આગાહી કરી છે. મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે.

# ચૂંટણી પંચ પાસે મતદાનનો સમય બદલવા કોંગ્રેસની માગ



। નવી દિલ્હી, તા.૨૮ ।

દેશના અનેક વિસ્તારોમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે બે તબક્કાનું મતદાન થયું છે. આ તરફ હવે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થવાનું છે. જોકે લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કામાં ઓછા મતદાને રાજકીય પક્ષો અને ચૂંટણી પંચને ચિંતામાં મૂકી દીધા છે. તેની પાછળનું મુખ્ય કારણ ગરમી અને લૂ ની લહેર હોવાનું માનવામાં આવે છે.

આગામી દિવસોમાં આકરી ગરમીને જોતા હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પંચ પાસે મતદાનનો સમય વધારવાની માંગ કરી છે. કોંગ્રેસનું કહેવું છે કે, હવામાન વિભાગની ગાઈડલાઈન મુજબ લોકોને બપોરે ૧૨ થી ૪ વાગ્યાની વચ્ચે ઘરની બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી રહી છે. તેલંગાણામાં કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પંચને મતવિસ્તારમાં મતદાનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી વધારવાની વિનંતી કરી હતી.

# એનડીએ માટે આ વખતે રસ્તો ઘણો મુશ્કેલ છે



। મુંબઈ, તા.૨૮ ।

અજિત પવાર જૂથના વરિષ્ઠ નેતા છગન ભુજબળનું કહેવું છે કે ૨૦૧૪ અને ૨૦૧૯ની જેમ આ વખતે પણ ભાજપનો રસ્તો સરળ નથી. તેમણે દાવો કર્યો કે જે રીતે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની પાર્ટીઓ તૂટી છે, લોકોને બંને નેતાઓ પ્રત્યે સહાનુભૂતિ છે, જેનો ફાયદો તેમને આ વખતે લોકસભા ચૂંટણીમાં મળી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે એનડીએ માટે આ વખતે રસ્તો ઘણો મુશ્કેલ છે. જો કે, લોકોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ક્ષમતામાં વિશ્વાસ છે અને તેઓ ઈચ્છે છે કે તેઓ ફરીથી દેશમાં મજબૂત સરકાર બનાવે. નાશિક સીટ પરથી પોતાનો દાવો પાછો ખેંચવા પર ભુજબળે કહ્યું કે મેં ક્યારેય કોઈની પાસેથી પોતાના માટે સીટ માંગી નથી. તેથી જ્યારે ત્રણ અઠવાડિયા સુધી તેમના નામની જાહેરાત ન થઈ, ત્યારે તેમણે ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો. એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળ શરદ પવાર સાથેના વિભાજન વખતે અજિત પવારની સાથે ફ્રન્ટ ફુટ પર હતા.

# યુપીની બે હોટ સીટ પર કોંગ્રેસ હજુ અસમંજસમાં

। લખનૌ, તા.૨૮ ।

દેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪નું બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે પરંતુ કોંગ્રેસે હજુ યુપીની બે હોટ સીટ અમેઠી અને રાયબરેલી પર પોતાના ઉમેદવાર જાહેર નથી કર્યા. યુપીના આ બે હોટ સીટ પર કોંગ્રેસ હજુ અસમંજસમાં છે. કોંગ્રેસની ચૂંટણી સમિતિની બેઠકમાં પણ ઉત્તર પ્રદેશની અમેઠી અને રાયબરેલી બેઠકોના ઉમેદવારોને લઈને કોઈ નિર્ણય નથી લેવાયો.

સમિતિના સદસ્યોએ કોંગ્રેસ નેતૃત્વને વિનંતી કરી છે કે, તેઓ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાને અમેઠી અને રાયબરેલીથી ચૂંટણી મેદાનમાં ઉતારે. એક અહેવાલ પ્રમાણે આ બંને બેઠકો પર કોને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે તેનો અંતિમ નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ગાંધી પરિવાર પર છોડી દેવામાં આવ્યો છે. હવે આ મુદ્દે કોઈ બેઠક નહીં થશે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ અને ચેરપર્સન સોનિયા ગાંધી આ બેઠકમાં હાજર હતા પરંતુ તેમણે આ મુદ્દે પોતાનો અભિપ્રાય નથી આપ્યો. આ બંને બેઠકો પર ૨૦ મેના રોજ મતદાન થશે અને અહીંથી ઉમેદવારી નોંધાવાની છેલ્લી તારીખ ૩ મે છે. રાહુલ ગાંધીએ કેરળની વાયનાડ લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી અને આ બેઠક પર ૨૬ એપ્રિલના રોજ મતદાન સંપન્ન થઈ ચૂક્યુ છે. પાર્ટીની અંદર એવી માંગ ઉઠી રહી છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને અમેઠી અને રાયબરેલીથી ચૂંટણી મેદાનમાં ઉતારવા જોઈએ. કાર્યકર્તાઓનું કહેવું છે કે આ બેઠકો પર ચૂંટણી ન લડવી તે એ સંકેત આપી શકે છે કે હિન્દીભાષી વિસ્તારોમાં કોંગ્રેસે ભાજપ સામે હથિયાર ફેંકી દીધા છે. ઉત્તર પ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો છે અને કેન્દ્રમાં સરકાર બનાવવા માટે આ રાજ્યની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે.

ઉત્તર પ્રદેશના કોંગ્રેસ પ્રભારી અવિનાશ પાંડેએ કહ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકર્તાઓ, રાયબરેલી અને અમેઠીની સાથે-સાથે ઉત્તર પ્રદેશના અન્ય હિસ્સાની જનતા હાથ જોડીને વિનંતી કરી રહી છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ કોઈપણ સંજોગોમાં ચૂંટણી લડવી જ જોઈએ.બીજી તરફ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું છે કે, આગામી દિવસોમાં આ બંને બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે.

રાહુલ ગાંધીએ પહેલી વખત વર્ષ ૨૦૦૪માં અમેઠીથી ચૂંટણી લડી હતી. ત્યાર બાદ તેમણે અહીંથી સતત ત્રણ વખત જીત હાંસલ કરી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેમણે અમેઠી ઉપરાંત કેરળની વાયનાડ બેઠક પરથી પણ ચૂંટણી લડી હતી. અમેઠીમાં બીજેપી નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે તેમની હાર થઈ હતી.

## વિશેષ

### લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ : અમદાવાદ જિલ્લો અચૂક મતદાન કરવા નાગરિકોને પ્રોત્સાહિત કરતા દિવ્યાંગજનો

# દિવ્યાંગ મતદારો દ્વારા 'મતદાન જાગૃતિ' બાઈક રેલી યોજાઈ

### 'દસ મિનિટ, દેશ માટે' ના સૂત્ર સાથે દિવ્યાંગજનોએ 'મતદાન જાગૃતિ'નો અનોખી રીતે સંદેશો આપ્યો









। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ જિલ્લામાં આગામી તા. ૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને 'મતદાન જાગૃતિ' અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સાથે શહેર તથા જિલ્લામાં વિવિધ એનજીઓ, સામાજિક સંસ્થાઓ દ્વારા પણ 'મતદાન જાગૃતિ' સંદર્ભે વિશિષ્ટ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદમાં રવિવારે દિવ્યાંગજનોએ 'મતદાન જાગૃતિ' બાઈક રેલી યોજી નાગરિકોને મત આપવા પ્રોત્સાહિત કર્યા હતા. દિવ્યાંગ મતદારો દ્વારા યોજાયેલી આ બાઈક રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી.

દિવ્યાંગ મતદારોએ હાથમાં મતદાન જાગૃતિનાં વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'વોટ ફોર સ્યોર', 'દસ મિનિટ દેશ માટે', 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' જેવાં વિવિધ સૂત્રો દ્વારા નાગરિકોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરી હતી.

અંધજન મંડળથી પ્રસ્થાન થયેલી દિવ્યાંગજનોની આ બાઈક રેલી હેલ્મેટ ચાર રસ્તા, શાસ્ત્રીનગર, રાણીપ ક્રોસ રોડ, સુભાષ બ્રીજ, કલેકટર કચેરી, ગાંધી આશ્રમ, રિવરફ્રન્ટ, પાલડી, પરિમલ ચાર રસ્તા, આઈઆઈએમથી અંધજન મંડળ પરત ફરી હતી. આમ, દિવ્યાંગજનો દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કરાયો હતો. આ રેલીમાં જિલ્લા સમાજસુરક્ષા ખાતાના અધિકારી સુશ્રી હેતલબેન પરમાર, સ્વીપના નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ, દિવ્યાંગ એસોસિએશન તથા વિવિધ સમાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિતના લોકો હાજર રહ્યા હતા. દિવ્યાંગ મતદારોએ હાથમાં મતદાન જાગૃતિનાં વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'વોટ ફોર સ્યોર', 'દસ મિનિટ દેશ માટે', 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' જેવાં વિવિધ સૂત્રો દ્વારા નાગરિકોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરી હતી. અંધજન મંડળથી પ્રસ્થાન થયેલી દિવ્યાંગજનોની આ બાઈક રેલી હેલ્મેટ ચાર રસ્તા, શાસ્ત્રીનગર, રાણીપ ક્રોસ રોડ, સુભાષ બ્રીજ, કલેકટર કચેરી, ગાંધી આશ્રમ, રિવરફ્રન્ટ, પાલડી, પરિમલ ચાર રસ્તા, આઈઆઈએમથી અંધજન મંડળ પરત ફરી હતી. આમ, દિવ્યાંગજનો દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કરાયો હતો. આ રેલીમાં જિલ્લા સમાજસુરક્ષા ખાતાના અધિકારી સુશ્રી હેતલબેન પરમાર, સ્વીપના નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ, દિવ્યાંગ એસોસિએશન તથા વિવિધ સમાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિતના લોકો હાજર રહ્યા હતા. દિવ્યાંગ મતદારોએ હાથમાં મતદાન જાગૃતિનાં વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'વોટ ફોર સ્યોર', 'દસ મિનિટ દેશ માટે', 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' જેવાં વિવિધ સૂત્રો દ્વારા નાગરિકોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરી હતી. અંધજન મંડળથી પ્રસ્થાન થયેલી દિવ્યાંગજનોની આ બાઈક રેલી હેલ્મેટ ચાર રસ્તા, શાસ્ત્રીનગર, રાણીપ ક્રોસ રોડ, સુભાષ બ્રીજ, કલેકટર કચેરી, ગાંધી આશ્રમ, રિવરફ્રન્ટ, પાલડી, પરિમલ ચાર રસ્તા, આઈઆઈએમથી અંધજન મંડળ પરત ફરી હતી. આમ, દિવ્યાંગજનો દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કરાયો હતો.

# શક્તિસિંહે વડાપ્રધાન મોદીનો એક વીડિયો મીડિયા સામે બતાવ્યો

## શક્તિસિંહ ગોહિલના ભાજપ પર શાબ્દિક પ્રહાર, રાહુલ ગાંધીનો વીડિયો એડિટ કરેલો છે : કોંગ્રેસ પ્રવક્તા

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

લોકસભા ચૂંટણીના પહેલા (૧૯મી એપ્રિલ) અને બીજા (૨૬મી એપ્રિલ) તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે, જ્યારે સાતમી મેના રોજ ત્રીજા તબક્કાનું થવાનું છે. પરંતુ ગુજરાતમાં ક્ષત્રિય સમાજ પરશોત્તમ રૂપાલાના નિવેદનને લઈને નારાજ છે ત્યારે હવે રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓને લઈને નિવેદન આપ્યું હતું. જેને લઈને વિવાદ છંછેડાયો છે.

રાહુલ ગાંધીના નિવેદન પર સી.આર. પાટીલે કહ્યું કે, 'રાજા-મહારાજાઓ અંગેના નિવેદનોથી કોંગ્રેસે તેમની માનસિકતા દર્શાવી છે. કોંગ્રેસના શાસનમાં જે અનુભવો થયા છે તેનાથી રાજા મહારાજાઓ કોંગ્રેસથી દૂર થયા છે.' જો કે, આના પર ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે વળતો જવાબ આપ્યો છે.



રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓ અંગેના નિવેદન મામલે કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે કહ્યું કે 'ભાજપે પહેલા બહેન-દીકરીનું અપમાન કર્યું. પછી અહંકાર રાખીને ઉમેદવારની ટિકિટ રદ ન કરી. હવે જે વાત ન થઈ હોય તેને વિકૃત રીતે રજૂ કરવામાં આવી રહી છે. સમાજ ભોળો જરૂર છે પણ મૂર્ખ નથી. રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ રાજનીતિ કરવા નીકળ્યું છે. ભાજપના ઉમેદવારે સમગ્ર દેશમાં બહેન-દીકરીઓનું અપમાન કરી રહ્યા છે તેથી દરેક જ્ઞાતીના લોકોમાં રોષ જોવા મળ્યો છે.' નોંધનીય છે કે શક્તિસિંહે વડાપ્રધાન મોદીનો એક વીડિયો મીડિયા સામે બતાવી કહ્યું હતું, કે 'વડાપ્રધાન તો સંસદમાં બોલ્યા હતા કે રાજાઓના અંગ્રેજ સાથે ગાઢ સંબંધ હતા, અને જો હું ખોટો હોઉં તો મને જેલમાં નાંખી દો.' રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓ અંગેના નિવેદન મામલે કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે કહ્યું કે 'ભાજપે પહેલા બહેન-દીકરીનું અપમાન કર્યું. પછી અહંકાર રાખીને ઉમેદવારની ટિકિટ રદ ન કરી. હવે જે વાત ન થઈ હોય તેને વિકૃત રીતે રજૂ કરવામાં આવી રહી છે. સમાજ ભોળો જરૂર છે પણ મૂર્ખ નથી. રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ રાજનીતિ કરવા નીકળ્યું છે. ભાજપના ઉમેદવારે સમગ્ર દેશમાં બહેન-દીકરીઓનું અપમાન કરી રહ્યા છે તેથી દરેક જ્ઞાતીના લોકોમાં રોષ જોવા મળ્યો છે.' નોંધનીય છે કે શક્તિસિંહે વડાપ્રધાન મોદીનો એક વીડિયો મીડિયા સામે બતાવી કહ્યું હતું, કે 'વડાપ્રધાન તો સંસદમાં બોલ્યા હતા કે રાજાઓના અંગ્રેજ સાથે ગાઢ સંબંધ હતા, અને જો હું ખોટો હોઉં તો મને જેલમાં નાંખી દો.' રાહુલ ગાંધીએ રાજા-મહારાજાઓ અંગેના નિવેદન મામલે કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે કહ્યું કે 'ભાજપે પહેલા બહેન-દીકરીનું અપમાન કર્યું. પછી અહંકાર રાખીને ઉમેદવારની ટિકિટ રદ ન કરી. હવે જે વાત ન થઈ હોય તેને વિકૃત રીતે રજૂ કરવામાં આવી રહી છે. સમાજ ભોળો જરૂર છે પણ મૂર્ખ નથી. રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ રાજનીતિ કરવા નીકળ્યું છે. ભાજપના ઉમેદવારે સમગ્ર દેશમાં બહેન-દીકરીઓનું અપમાન કરી રહ્યા છે તેથી દરેક જ્ઞાતીના લોકોમાં રોષ જોવા મળ્યો છે.' નોંધનીય છે કે શક્તિસિંહે વડાપ્રધાન મોદીનો એક વીડિયો મીડિયા સામે બતાવી કહ્યું હતું, કે 'વડાપ્રધાન તો સંસદમાં બોલ્યા હતા કે રાજાઓના અંગ્રેજ સાથે ગાઢ સંબંધ હતા, અને જો હું ખોટો હોઉં તો મને જેલમાં નાંખી દો.' રાહુલ ગાંધી દ્વારા રાજા-મહારાજા પર નિવેદનનો મામલો હવે તૂલ પકડી રહ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીનો દાવો કરતા કહ્યું કે, રાહુલ ગાંધીનો વીડિયો એડિટ કરેલો છે. ભાજપની ટીમે તોડી-મરેડીને વીડિયો જાહેર કર્યો છે. હર્ષ સંઘવી લોકોનું ધ્યાન ભટકાવવા માંગે છે.

શનિવારે (૨૭મી એપ્રિલ) રાહુલ ગાંધીએ કર્ણાટકમાં એક જનસભાને સંબોધતા રાજા મહારાજા પર નિવેદન આપ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'રાજા-મહારાજાઓનું શાસન હતું, તેઓ જે ઈચ્છતા તે કરી શકતા હતા, કોઈની પણ જમીનની તેમને જરૂર હોય તો તે લઈ લેતા હતા.'

## દરિયામાંથી ઝડપાયું ૯૦ કિલો હેરોઈન, ૧૪ પાકિસ્તાની સકંજામાં

। (એજન્સી) પોરબંદર, તા.૨૮ ।

ફરી એક વખત રાજ્યની દરિયાઈપટ્ટીમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. પોરબંદરના દરિયામાંથી ૯૦ કિલો હેરોઈન ઝડપાયું છે. એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ૯૦ કિલો હેરોઈન સાથે ૧૪ પાકિસ્તાની સકંજામાં આવ્યા છે. આ ડ્રગ્સ ભારત લાવવામાં આવી રહ્યું હતું, ત્યારે જ એક સફળ ઓપરેશન હાથ ધરી હેરોઈનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ દરમિયાન સુરક્ષા એજન્સીઓ અને પાકિસ્તાની બોટ વચ્ચે ફાયરિંગ પણ થયું હતું. જેમાં પાકિસ્તાની બોટ ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. સુરક્ષા એજન્સીઓને મળેલી માહિતી પ્રમાણે પાકિસ્તાની બોટને ઝડપી પાડવામાં આવી હતી. આ બોટમાંથી ૮૬થી ૯૦ કિલો જેટલા ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની બજાર કિંમત ૬૦૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. આ બોટમાં ૧૪ જેટલા ક્રૂ મેમ્બર્સ સવાર હતા. તેમની પકડી પકડી પાડવામાં આવ્યા છે. આ ક્રૂ મેમ્બર અને ડ્રગ્સના જથ્થાને મોડી રાત સુધી પોરબંદર લાવવામાં આવે તેવી શક્યતાઓ છે. નોંધનીય છે કે, ગઈકાલે ગુજરાત છ્જી અને દ્રઝમ્ના સંયુક્ત ઓપરેશન હેઠળ ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સની ફેકટરી ઝડપાઈ હતી. ગુજરાત અને રાજસ્થાન મળીને ત્રણ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૦થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઈ છે જેમાં વિવિધ પ્રકારના ડ્રગ્સ માટેનું રોમટિરિયલ તૈયાર કરવામાં આવતું હોવાની માહિતી મળી રહી સામે આવી રહી છે.

# નર્મદા જિલ્લામાં રૂપાલાનો વિરોધ હવે ચરમસીમાએ

## રાજપૂત સમાજના ૮ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા, રૂપાલાને ના હટાવતા ક્ષત્રિયોમાં આંદોલન બળવતર બન્યું

। (એજન્સી) નર્મદા, તા.૨૮ ।

નર્મદા જિલ્લામાં પણ રૂપાલાનો વિરોધ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. આજે નર્મદા જિલ્લામાં રાજપૂત સમાજના ૮ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા હતા. નર્મદા કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખને તેઓએ રાજીનામા સોંપ્યા હતા. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખે કહ્યું કે આવનારા સમયમાં રાજપૂત સમાજ અમારી સાથે જ રહેશે. વધુમાં ભાજપ પ્રમુખે કહ્યું કે, આ તો અમારો પરિવાર છે થોડા નારાજ છે. પણ ચૂંટણી પહેલા અમારી સાથે થઈ જશે.

નર્મદા જિલ્લામાં રાજીનામા આપનારના નામ જોઈએ તો

૧) માત્રોજા પુષ્પેન્દ્રસિંહ - કોષાધ્યક્ષ, યુવા મોરચા

૨) અર્જુનસિંહ ગોહિલ - પેજ પ્રમુખ ગોપાલપુરા

૩) રાજપાલસિંહ ગોહિલ - આઈ ટી સેલ, કો કન્વીનર, નર્મદા

૪) મોહનસિંહ ગોહિલ - બુથ પ્રમુખ

૫) પુષ્પરાજસિંહ ગોહિલ - મંત્રી, યુવા મોરચા

૬) ગોહિલ જયવીરસિંહ રાજેન્દ્રસિંહ - યુવા મોરચા

૭) ગોહિલ સુનિલસિંહ જગતસિંહ - મહામંત્રી, કિસાનમોરચા,નાંદોદ તાલુકા

૮) જતીનકુમાર કે પાઠક - કોષાધ્યક્ષ,નર્મદા જિલ્લા ભાજપ એ રાજીનામા આપ્યા છે.રાહુલ ગાંધીના કથિત વીડિયો બાબતે પણ રાજપૂત સમાજ ના આગેવાનો એ જણાવ્યું કે આ બાબતે ક્ષત્રિય સંકલન સમિતિ જે નિર્ણય લેશે તે મુજબ કાર્યવાહી કરીશું

પરસોત્તમ રુપાલાના વિરુદ્ધમાં નર્મદા જિલ્લા ભાજપના આઠ હોદ્દેદારોએ રાજીનામા ધરી દીધા છે. ગુજરાતમાં જેમ જેમ લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રૂપાલા વિરુદ્ધનું ક્ષત્રિય આંદોલન ભાજપ વિરુદ્ધનું બની રહ્યું હોય તેમ એક પછી એક ઘટના બની રહી છે. ક્ષત્રિય સંકલન સમિતિએ કહ્યાં છતા પરશોત્તમ રુપાલાને રાજકોટ બેઠકથી ભાજપે ના હટાવતા હવે ભાજપ હટાવોનું સૂત્ર થઈ ગયું છે.

હવે તો ગામેગામ ભાજપના લોકસભાના ઉમદવારોને પ્રચારમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. જેના પગલે, નર્મદા જિલ્લામાં રાજપૂત સમાજના ૮ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા છે.

જિલ્લા સ્તરના આગેવાનોએ નર્મદા કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખને રાજીનામા આપી દીધા છે. બીજી તરફ, નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખે આ અંગે જણાવ્યું કે, આ તો અમારો પરિવાર છે, થોડા નારાજ છે. પણ ચૂંટણી પહેલા અમારી સાથે થઈ જશે. આવનારા સમયમાં રાજપૂત સમાજ અમારી સાથે જ રહેશે.

## અર્ચના વિદ્યા નિકેતન શાળા દ્વારા સુમન સંગીની માં દીકરીઓ માટે યોજ્યો ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમ...

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

વરાછા કમલપાર્ક સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળા અને NSKA કરાટે સંસ્થાના સંયુક્ત પ્રયાસોથી દીકરીઓ અને બહેનો માટે સંગીની પર્વત પાટિયામાં સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ "જાગૃત બેટી સુરક્ષિત પરિવાર"ના ભાગરૂપે ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમનું શાનદાર આયોજન થયેલું હતું. જેમાં સુમન સંગીની આવાસના બહેનો અને દીકરીઓએ ભાગ લીધો હતો.આ ત્રણ દિવસીય કાર્યક્રમ NSKA તરફથી સંજય મોરે,અમલેશ એમ. બાવરીયા, અક્લેશ એમ. બાવરીયા મીનાક્ષી શુક્લાએ ફ્રી માં નિસ્વાર્થ ભાવે સેવા આપી દીકરીઓને સ્વ બચાવ માટે વિવિધ તાલીમ આપી. કાર્યક્રમના છેલ્લા દિવસે તાલીમ લીધેલ તમામ બહેનોને પ્રમાણપત્ર આપવામાં આવ્યું સાથે-સાથે સોસાયટીમાં વિશેષ સિદ્ધિ મેળવનાર બહેનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સુમન સંગીની આવાસના તમામ બિલ્ડીંગના પ્રમુખશ્રીઓ તેમજ ઉપસ્થિત તમામ મહિલાઓએ આ કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહ અને શાંતિપૂર્વક માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના પ્રમુખ શીતલબેનનો વિશેષ સહયોગ મળ્યો.શાળાના કરાટે કોચ સંજયભાઈ મોરે આચાર્યા શ્રી ડૉ.રજીતા તુમ્મા, નિયામક ડૉ.ચંદુભાઈ ભાલીયાએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ સારું આયોજન કરેલ હતું. નારી સુરક્ષા, સ્વ બચાવની તાલીમ, જાગૃત બેટી સુરક્ષિત પરિવાર બાબતે નિયામક ડૉ.ચંદુભાઈ ભાલીયા દ્વારા સુંદર પ્રવચન આપવામાં આવ્યું.

### પ્રવાસીઓનો અનુભવ બનશે વધુ યાદગાર

# ક્રુઝ યાત્રા સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ઓમકારેશ્વર સુધી શરૂ થશે

। (એજન્સી) નર્મદા, તા.૨૮ ।

મધ્યપ્રદેશમાં ક્રુઝ ટુરીઝમને વેગ આપવા માટે, મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે ઈન્લેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) અને ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. કરાર હેઠળ, IWAI એ કોલકાતાથી રાજ્યના ક્રુક્ષી માટે બે ફ્લોટિંગ જેટી (પોન્ટૂન) મોકલ્યા છે. આ પોન્ટૂન ક્રૂઝના ટર્મિનલ રૂપે તેનો ઉપયોગ થશે. નોંધનીય છે કે, મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ દ્વારા રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ક્રુઝ ટુરિઝમની પહેલ કરવામાં આવી રહી છે. આ ક્રુઝ મધ્યપ્રદેશના ઓમકારેશ્વર સ્થિત એકાત્મ ધામ (સ્ટેચ્યુ ઓફ વનનેસ) થી ગુજરાતના કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ચલાવવાની દરખાસ્ત છે. ઓથોરિટીની નોઈડા સ્થિત હેડ ઓફિસમાં થયેલ એમઓયુ અનુસાર, IWAI દ્વારા મધ્યપ્રદેશ અને ગુજરાતને બે ફ્લોટિંગ જેટી પ્રદાન કરશે, જેમાંથી મધ્ય પ્રદેશને આ જેટીઓ પહોંચાડવામાં આવી છે.

કરાર પર હસ્તાક્ષર થતાં, મધ્યપ્રદેશ અને ગુજરાત વચ્ચે નર્મદા નદી પર કોઈપણ અવરોધ વિના ક્રુઝની અવરજવર સુનિશ્ચિત થશે. કરાર દરમિયાન, IWAIના ચેરમેન વિજય કુમાર અને પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગના અગ્ર સચિવ અને મધ્ય પ્રદેશ પ્રવાસન બોર્ડના મેનેજિંગ ડિરેક્ટર શિવ શેખર શુક્લા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મુકેશ પુરી (આઈએએસ) (નિવૃત્ત), ઉદિત અગ્રવાલ, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ટંકારાના વાઘગઢ ગામે પુરુષ રાત્રે ઉંઘ્યા બાદ સવારે ઉઠ્યો જ નહીં

। (પ્રતિનિધી) ટંકારા, તા.૨૮ ।

જીવનશૈલી અને ખાવાની ટેવ હૃદયના સ્વાસ્થ્યને અસર કરે છે. જેના કારણે અનેક પ્રકારની સમસ્યાઓ થવા લાગી છે. હાર્ટ એટેક જેવા ઘણા રોગો ખતરનાક અને જીવલેણ હોય છે. રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત્ છે. મોરબીના ટંકારાના વાઘગઢ ગામે પુરુષ રાત્રે ઉંઘ્યા બાદ સવારે ઉઠ્યો જ નહોતો, જે બાદ સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યા હતા. દિનેશભાઈ અરજણભાઈ બોપલીયા (ઉ.૪૫) રાત્રીના સુતા હતા. બાદ સવારમાં ઉઠ્યા નહોતા, નહ જેથી પરિવારજનો દ્વારા ઉઠાડવામાં જતા ઉઠ્યા નહોતા. જેથી સરકારા હોસ્પિટલ ખસેડવામાં આવતા ડોકટરે તપાસી મૃત જાહેર કર્યા હતા.

## જિલ્લા નોડલ-શિક્ષણ અધિકારી અમદાવાદ દ્વારા મતદાન જાગૃતિ પ્રયાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

આજરોજ જિલ્લા શ્રી નોડલ અધિકારી જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી અમદાવાદ શહેર દ્વારા મતદાન જાગૃતિ બાબતે સહિયારો પ્રયાસ મતદાન કરીએ અને કરાવીએ તે બાબતે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ લોયેલા હોલ નારણપુરા ખાતે કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં અમદાવાદ શહેરના ૫૦૦ જેટલા શાળાના આચાર્યશ્રીઓ સંચાલકશ્રીઓ વાલીઓ તેમજ શિક્ષકો અને અમદાવાદ શહેર જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિના તમામ હોદ્દેદાર સ્ત્રીઓ જોડાયા હતા આ કાર્યક્રમમાં મતદાન જાગૃતિ બાબતે જિલ્લા અધિકારીશ્રી આર એમ ચૌધરી દ્વારા ઉપસ્થિત તમામને સમજણ આપવામાં આવી હતી કે દરેક શાળા પોતાની પાસેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ શાળા પરિવારના કર્મચારીઓ ને જાગૃત કરી એક કર્મચારી એક ભૂતપૂર્વ વિદ્યાર્થી ૧૦ મતદારોને મતદાન કરવા માટે જાગૃત કરે અને દેશ માટે દસ મિનિટ સમય દાન કરે મતદાન કરે અને કરાવે આમ સૌ પોતાના સહિયારા પ્રયાસથી જિલ્લા ચૂંટણી વહીવટી તંત્ર તેમજ દેશ સેવામાં પરોક્ષ રીતે પોતાનું યોગદાન આપે અંતમાં ઉપસ્થિત તમામ વડે અચૂક અને નિર્ભયતા પૂર્વક મતદાન કરવાના શપથ લેવામાં આવ્યા હતા...

## દાહોદમાં મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચૂંટણી પ્રચાર કે કાપલીઓના વિતરણ પર પ્રતિબંધ

। (એજન્સી) દાહોદ, તા.૨૮ ।

દાહોદ : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેનું મતદાન દાહોદ જિલ્લામાં તારીખ ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ થનાર છે. મતદાનના દિવસે મતદાન મથકની આજુબાજુના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સુયોગ્ય જાળવણી તેમજ મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા માટે મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચૂંટણી પ્રચાર તેમજ કાપલીઓનું વિતરણ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે. એમ. રાવલ દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક જાહેરનામામાં જણાવ્યા અનુસાર મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરવો નહીં કે પક્ષ / ઉમેદવારના ચૂંટણી ચિન્હો દર્શાવવા નહીં. ઉપરાંત મતદાન મથકોથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચૂંટણી પંચની સૂચનાનુસાર છપાયેલ હોય તે સિવાયની કોઈપણ ચૂંટણી ઉમેદવાર કે કોઈપણ પક્ષની વિગતો દર્શાવતી બિન અધિકૃત કાપલીઓનું મતદારોને વિતરણ કરવું નહીં. હરીફ ઉમેદવાર, તેમના એજન્ટ અને કાર્યકરના ઉપયોગ માટે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યા વાળા વિસ્તારથી દૂર એક ટેબલ અને બે ખુરશીઓથી વધારે ફર્નિચર મુકવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઉક્ત પ્રતિબંધાત્મક જાહેરનામું નીચે જણાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહીં. ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ, ફરજ પરના પોલીસ/એસ. આર.પી./હોમગાર્ડ /પેરામીલીટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો, મતદાન કરવા આવનાર મતદારો, ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારો, ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારોના એજન્ટ કે તેના અધિકૃત મતદાન એજન્ટ. ઉપરોક્ત પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કરનારી વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર બનશે.







## અમદાવાદ મેડિકલ એસોસિએશનના ડોક્ટર્સ દ્વારા પ્રિસ્ક્રિપ્શન સાથે અપાશે મતદાનનો મેસેજ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

આગામી દિવસોમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે મહત્તમ મતદાન થાય તે દિશામાં ચૂંટણી તંત્રની સાથે સાથે અનેક એસોસિએશન, સામાજિક સંસ્થાઓ, એનજીઓ દ્વારા પણ વધુમાં વધુ મતદાન થાય તે દિશામાં પ્રયાસ હાથ ધરાયા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં એસોસિએશન સાથે જોડાયેલા નામાંકિત તબીબોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. આ ઉપરાંત ઉપસ્થિત સૌ તબીબોએ પોતાના મેડિકલ સ્ટાફ, મિત્રો તથા સ્વજનોને પણ અવશ્ય મતદાન કરવા પ્રેરિત કરશે તેવો સંકલ્પ પણ કર્યો હતો. વધુમાં, મતદાન પ્રત્યે જાગૃતિ આવે તેના માટે અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. જે અનુસાર તબીબો દ્વારા દર્દીઓને અપાતા પ્રિસ્ક્રિપ્શન પર અવશ્ય મતદાનનો સંદેશો આપવા એક વિશિષ્ટ સ્ટેમ્પ લગાડવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨